
આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલેજ...

# અધ્યાત્મ

વર્ષ : ૧૬
જુન–૧૯૯૫
અંક : ૯



## * ॐ सहनाववतु । *

ॐ सहनाववतु મંત્રની જ વાત લો તો એ વાતની યથાર્થતા સહેજે સમજી શકાશે. તે મંત્ર મોટે ભાગે કેટલાંક છાત્રાલયો ને કેટલાક આશ્રમોમાં જમવાનું શરૂ કરતી વખતે બોલવામાં આવે છે. પણ તેને ફક્ત ભોજનની ભાવનાનો મંત્ર માની તેટલા પૂરતો મર્યાદિત કરી દેવાની જરૂર નથી. તેની ભાવના જીવનનાં બધાં જ ક્ષેત્રોમાં ઝીલવાની જરૂર છે. આખા જીવનની દૃષ્ટિ ને પદ્ધતિને પલટાવવા તેનો ઉપયોગ કરવાનો છે. તેના શબ્દોચ્ચાર માત્રથી સંતોષ માનીને બેસી જવાનું નથી, પણ તેની ભાવનાનો જીવનને જીવંત કરવા માટે અમલ કરવાનો છે. તેની ભાવના કેટલી સરસ છે! 'હે પ્રભુ, અમારા અંગત મતભેદ કોરે રાખીને અમારી ને બીજાની સુખાકારી ને ઉન્નતિનાં સારાં સારાં કામો કરવા માટે અમે એક સાથે ભેગા મળીએ ને વિકાસ કરીએ; પુરુષાર્થ કરવાથી અમને જે પ્રાપ્ત થાય તેનો ઉપયોગ અમારા અંગત સ્વાર્થ માટે જ કરીને બેસી ન રહીએ, પણ વધારેમાં વધારે માનવોના હિત માટે તેનો ઉપયોગ કરીએ. અમારી બુદ્ધિ, અમારું બળ ને ધન બીજાના ને અમારા હિત માટે વપરાય તેની કાળજી રાખીએ. સારાં સારાં કામ કરવા માટે અમે એક સાથે એકઠા થઈને પુરુષાર્થ કરીએ. અમારું અધ્યયન, અમારી બુદ્ધિ ને અમારો વિવેક ખૂબ જોરદાર ને તેજસ્વી બને, ને કોઈ પણ કારણસર અમે એકમેકની ઈર્ષ્યા ન કરીએ કે કોઈનો દ્વેષ ન કરીએ. સૌ સાથે પ્રેમ રાખીએ.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| સુખાવતી નગરીની સ્મૃતિ | પરમાર્થી | ૧૩ |
| ગત જાણો | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૯ |
| થાશે | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૨૦ |
| શ્રી શ્રી મા શારદાના વાત્સલ્ય પ્રસંગો | ઝિઝુવાડિયા કનૈયાલાલ | ૨૧ |
| પ્રભુ પ્રાપ્તિ માટેની જડીબુટ્ટી એટલે પ્રાર્થના | રાજીવ હ. જાની | ૩૨ |
| ભગવાન રમણ મહર્ષિનું અધ્યાત્મચિંતન | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૩૬ |
| બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસની જીવનકથા-(૩) | જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી | ૪૪ |
| અમારી ગળતેશ્વર યાત્રા-(૨) | નારાયણ હ. જાની | ૫૦ |
| ક્ષણનું મહત્ત્વ | કમલ સુથાર | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |


O

## * આભાર *


અધ્યાત્મ માસિકના જૂન, ૧૯૯૫ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઈ પી. ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઈ ભાઈ-બહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા-પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના. કેનેડા ને અમેરિકાના સત્સંગપ્રેમી ભાઈબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ જૂન–૧૯૯૫ અંક : ૯

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૩-૪-૮૧, ગુરુવાર, ચૈત્ર વદ ચોથ, ૨૦૩૭,**
**યાત્રા : વડોદરાથી સુરત**

સવારે નિત્યનિયમમાં જોડાતા પહેલાં પૂ. શ્રી તથા સર્વેશ્વરી રાત્રે ૨ થી ૪ જપ કરી લે છે. સવારે નિયમ પ્રમાણે સ્નાન, ગીતાવાચન, વ્યાયામ, દૂધ પીવાનું બને છે. ત્યારબાદ સુરત જવા નીચેના રૂમમાં આવવાનું બને છે.

યજમાન પરિવાર ઉપરાંત અન્ય સાધકોની વિદાય લઇ સુરત બરાબર સાડા અગિયારે શ્રી જીતુભાઇની ગાડીમાં આવી જવાનું બને છે. અહીં પણ છ સાત સાધકો પૂ. શ્રીના સ્વાગતમાં હાજર રહે છે. એક વાગ્યા સુધી બધી વાતો થાય છે.

આજે પૂ. શ્રી એક વાગ્યે ભોજન લઇ આરામ કરે છે. સાંજે ૫ થી ૬ વાગ્યા સુધી લેખનકાર્ય કરે છે. ૬ પછી સ્નાન કરી પ્રવચન માટે તૈયાર થઇ જાય છે.



આજે પ્રથમ દિવસ હતો જેથી બે ભજનો ગવાય છે. શ્રી ભટ્ટસાહેબ સર્વેશ્વરીની પ્રગતિની અને 'અર્ઘ્ય' ભજનસંગ્રહની વાત કરે છે. ત્યારબાદ પ્રથમ પ્રવચન શરૂ થાય છે. ભક્તિયોગના પ્રથમ શ્લોક ઉપર પ્રવચન અપાય છે. પૂરું થતાં સુરતના આ ઉતારા પર આવીને પૂ. શ્રી દૂધ–કેરી વિગેરે લઇ ધ્યાનમાં બેસે છે. ત્યારબાદ આરામ કરે છે.

સર્વેશ્વરી ડાયરીની નોંધ કરી ૧૧ વાગ્યે આરામ કરે છે. પૂ. શ્રીને આ ઉતારો ખૂબ પવિત્ર ને શાંત લાગે છે. અને પૂ. શ્રી યોગેશ્વર આશ્રમ અથવા સર્વેશ્વરી તીર્થ જેવા નામોથી નવાજે છે.

આ ઉતારો તૈયાર રાખવામાં હિમાંશુ પાઠક નામનો નાનકડો યુવાન ખૂબ કાળજી રાખે છે.

**તા. ૨૪-૪-૮૧, શુક્રવાર, ચૈત્ર વદ પાંચમ, ૨૦૩૭,**
**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત**

આજે સમય પ્રમાણે નિયમાનુસાર બધું જ કાર્ય થયું. ૮ વાગ્યે દૂધ લઇને સાડા અગિયાર વાગ્યા સુધી પૂ. શ્રીએ લેખન કર્યું. બરાબર સાડા અગિયારે શ્રી ભટ્ટસાહેબને ત્યાંથી જમવાનું આવી ગયું જેથી ભોજન લઇ લીધું.

૧૧:૫૫ થતાં પૂ. શ્રી મુખ્ય રૂમમાં આવ્યા જ્યાં પૂ. શ્રી મુલાકાત આપે છે. એ રૂમમાં દેવસ્થાન પણ છે. જેમાં મુખ્ય દેવ પૂ. શ્રી જ બેઠા છે. શિવ ને કૃષ્ણની તસ્વીરો પણ છે. શ્રી ભટ્ટ સાહેબ અને એમનાં ધર્મપત્ની હેમાંગિનીબેન સાથે પૂ. શ્રી થોડી વાતો કરે છે. ત્યારબાદ મુલાકાતીઓ અંદર આવે છે. આજે આશા

નામની નાનકડી શ્રદ્ધાળુ સાધકબેન પણ આવી છે. પૂ. શ્રીને પ્રણામ કરે છે :

**પૂ. શ્રી** : લગ્ન કોનાં થયાં? આશીર્વાદ મંગાવેલા પણ અમારા પર કાગળ તો હતો નહીં એટલે શી રીતે માનીએ? તો લગ્ન થયા ખરાં?

**આશા** : (શરમાઇ જાય છે)

**પૂ. શ્રી** : હવે લગ્ન થયાં એટલે નવજીવન થયું. હમણાં નવજીવન ટ્રેઇન નીકળી છે. એવી નવજીવનની ટ્રેઇનમાં બેઠાં ગણાય, જેથી નવાં નવાં સ્ટેશનો આવશે. નવી નવી વસ્તુઓ મળશે.

**ભટ્ટ સાહેબ** : આપ રામાયણનો કાવ્યાનુવાદ કરો છો?

**પૂ. શ્રી** : હા, ઘણી મહેનત પડે છે.

(એમ કહી બે–ત્રણ ચોપાઇઓનો કાવ્યાનુવાદ ગાઇ બતાવે છે. પછી વળી લખેલા કાગળો મંગાવે છે. તેમાંથી પોણો કલાક સુધી પૂ. શ્રી જુદી જુદી ચોપાઇઓ ગાય છે. સૌ શાંતિથી સાંભળે છે. વચ્ચે વચ્ચે પૂ. શ્રી વાતો પણ કરે છે.) તુલસીદાસે આડકથા ઘણી કરી. મૂળ કથા તો ઘણી દૂર રહી જાય છે. મહેનત પણ ખૂબ પડે છે. સમય ઘણો જાય છે આ રામાયણના કાર્યમાં.

**સર્વેશ્વરી** : હું દરરોજ કહું છું કે એ લખવાનું બંધ કરો. બીજુ લખો.

**પૂ. શ્રી** : જૂના બુશકોટને નવું રૂપ આપવાનું છે. નવું જ કપડું હોય તો તો દસ–બાર બુશશર્ટ બની જાય પણ સીવાઇ ગયેલાં કપડાંને–ઉકેલો, ફરી સીવો તો ઘણી મહેનત પડે.



**શ્રી ભટ્ટ** : સુરતના દરજી તો એવા કામ માટે ના જ પાડી દે.

**પૂ. શ્રી** : આ તો હિમાલયના છે ને, એટલે કરે જ. ઘરમાં છોકરાની વહુ ગમે તેવી ખરાબ હોય તો પણ, આપણે ચલાવીએ જ છીએ ને, કારણ આપણે જ લાવ્યા છીએ. તેમ આ શરૂ કર્યું તે પૂરું તો કરવું જ પડે ને!

આવી વાતોમાં જ સમય પસાર થઇ ગયો. સર્વેસ્વરી તા. ૬–૧૦–૮૦ ની ડાયરીનું પાનું વાંચી સંભળાવે છે, જેમાં માતાજીની વાતો છે. જેથી પૂ. શ્રી માતાજીની થોડી વાતો કરે છે. સમય થતાં સૌ વિદાય લે છે.

પુસ્તકોનો સ્ટોક નોંધી આજે પૂ. શ્રીના રૂમને પડદા કરવાનું કામ સોંપાયું છે, ત્યાં તો ત્રણ વાગી જાય છે. પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી નોંધ લખે છે.

પાંચ વાગતા પહેલાં પૂ. શ્રી સર્વેશ્વરી સાથે કેરી ખાય છે. કેરીઓ મીઠી હતી. પૂ. શ્રીને એ દરરોજ ખાવા મળે તો સારું એ દૃષ્ટિએ સર્વેશ્વરી કહે છે કે એ બેનને પૂછી જોઇશ કે આ કેરી તમે ક્યાંથી ખરીદી?

**પૂ. શ્રી** : કેમ પૂછવાની શી જરૂર?

**સર્વેશ્વરી** : આપણે ત્યાંથી દરરોજ ખરીદીને ખાઇ શકીએને?

**પૂ. શ્રી** : ના, જુઓ, એ રીતે પૂછવું નહીં. જે દિવસે કેરી આવે તે દિવસે ખાવી. ન આવે તો એમ માનવું કે આપણને એની જરૂર નથી. જો જગદંબાને દરરોજ ખવડાવવી હશે તો દરરોજ આવ્યા કરશે. અને ખાવાની જરૂર ન હોય તો નહીં આવશે. જે મળે તે જ લેવું તેનું નામ મહાત્મા.

આ સાંભળી સર્વેશ્વરી કોઇ દલીલ કરતાં નથી. વિચારે છે કે સાચી વાત છે. ખરીદીને પણ મંગાવવું નહીં. ઈશ્વરેચ્છાએ મળે તો લેવું. કેવી આદર્શ ભાવના છે! પૂ. શ્રી જેવા સમર્થ ગુરુની છત્રછાયા નીચે આ પૂર્ણ આદર્શની પરિપૂર્ણ તાલીમ મળી રહી છે.

સાંજે પૂ. શ્રી થોડું લેખન કરે છે. ત્યારબાદ પ્રવચનમાં જવા માટે સ્નાન બાદ તૈયાર થાય છે. એક્સપ્રેસ એન્જી. વર્કસવાળા શ્રી રમેશભાઇ પોતાની ગાડી લઇને આવી જાય છે. એમાં બેસીને પ્રવચન સ્થળે પૂ. શ્રી અને સર્વેશ્વરી જાય છે.

પ્રવચન બાદ ઉતારા પણ આવી જવાય છે. ખીચડી, દૂધનું ભોજન શ્રી જનકબેનને ત્યાંથી પ્રવચનસ્થળેથી જ લાવવામાં આવે છે, જેથી એ ભોજન બાદ આજે પૂ. શ્રીના રૂમમાં લીલા રંગના પડદા લગાવવામાં આવે છે. ત્યારબાદ પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી નોંધ લખી આરામ કરે છે.

**તા. ૨૫–૪–૮૧, શનિવાર, ચૈત્ર વદ છઠ, ૨૦૩૭,**
**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત**

સવારે નિયમ પ્રમાણે ઘડિયાળને કાંટે પૂ. શ્રીનો ક્રમ શરૂ થાય છે. સાડા અગિયાર સુધી સતત કાર્યરત રહી શ્રી ભટ્ટસાહેબને ત્યાંનું ભોજન આવી ગયું હોવાથી ૧૧:૪૫ વાગ્યે પૂ. શ્રી ભોજન લે છે.

ભોજન લઇને મોં સાફ કરી બહાર આવે છે ત્યાં મુલાકાતના ઓરડામાં શ્રી ભટ્ટસાહેબ અને એમનાં ધર્મપત્ની બેઠાં છે. પૂ. શ્રીને તેઓ બન્ને પ્રણામ કરે છે ત્યાં તો પૂ. શ્રી કહે છે : મને હમણાં હમણાં વિચાર આવ્યો, મોં ધોતાં ધોતાં, કે ઈશ્વરની કેવી લીલા છે! ભોજન માટેનો મારો નિયમ છે કે હું ક્યાંયે જતો નથી



પણ અહીં તમારે ત્યાંનું ભોજન લેવાનું બને છે. કેવી લીલા! બીજા ભોજન કરાવવા ઇચ્છે છે તોપણ તેમને તક મળતી નથી.

એક બ્રહ્મદર્શી મહાપુરુષને જમાડવાથી હજારો બ્રાહ્મણોને ભોજન કરાવ્યાનું પુણ્ય મળે છે, એમ શાસ્ત્રોએ કહ્યું છે.

આટલી વાતચીત બાદ પૂ. શ્રી બહાર બેઠેલા સૌ કોઇને અંદર આવવાની રજા આપે છે. સૌ પ્રણામ કરીને બેઠા છે. થોડી જ વારમાં એક ભાઇ પ્રણામ કરી રજા લે છે. પૂ. શ્રી પૂછે છે :

કામ ચાલે છે ને? ચાલતું હશે તો જ પૈસા મૂક્યાને?

**તે ભાઇ :** હા, બીજી પણ દુકાન કરી છે.

**પૂ. શ્રી :** બીજી દુકાન ચાલે છે કે નહીં? શ્રેય અને પ્રેય, ધ્યાનની–પ્રભુપ્રાપ્તિની ચાલે છે કે?

**તે ભાઇ :** થોડી થોડી ચાલે છે.

**પૂ. શ્રી :** બરાબર ચલાવો. એ પણ જરૂરી છે.

પેલા ભાવિકભાઇ વિદાય થાય છે. આજે વડોદરાના પ્રસિદ્ધ માણભટ્ટ શ્રી ધાર્મિકલાલ પંડયા પૂ. શ્રીને મળવા આવ્યા છે. તેઓ માટે પૂ. શ્રી ખુરશી મુકાવે છે પણ તેઓ ત્યાં બેસતા નથી. નીચે જ બધાની સાથે બેઠા છે. પૂ. શ્રી સાથે વાતો થાય છે.

તેઓ પાસે જે માણભટ્ટની વિદ્યા છે તેના પ્રસાર માટે તેઓ-એ એક વર્ગ શરૂ કર્યો છે. એ વાત સાંભળીને પૂ. શ્રી કહે છે :

કલાકારો જાય છે પછી મીંડું મૂકાઇ જાય છે. પણ તમારો પ્રયત્ન ઘણો સારો છે. એ વિદ્યા પરંપરાગત ચાલુ રહે એમાં જનતાની સેવા ને પ્રભુની ભક્તિ થાય. પવિત્ર કામ છે.

શ્રી માણભટ્ટ પૂ. શ્રીને પોતાની કથામાં હાજર રહી આશીર્વાદ

આપવા આમંત્રણ આપે છે. પૂ. શ્રીએ એ અંગે તેમને આવતીકાલે જ બેસન્ટ હોલમાં સાંજે ૫:૩૦ થી ૬:૩૦ નો કાર્યક્રમ કરવા જણાવે છે. કાર્યક્રમ નક્કી થતાં શ્રી માણભટ્ટને તેમ જ શ્રી અતિ-સુખભાઇને ખૂબ આનંદ થાય છે.

શ્રી માણભટ્ટ વિદાય લે છે. પૂ. શ્રીને તેઓ ખૂબ નમ્રતાથી પ્રણામ કરે છે. પૂ. શ્રી તેમને સરળગીતા, વિષ્ણુસહસ્ર અને સંતસૌરભ પુસ્તકો ભેટ આપે છે.

પૂ. શ્રી કહે છે સારું થયું. દર્શન, વંદન થયાં. મેળાપ થયો. બહુ સારું થયું.

તેઓ વિદાય થાય છે. પછી પૂ. શ્રી અન્ય મુલાકાતીઓ સાથે વાતો શરૂ કરે છે.

આજે બાજીપુરા ગામથી શ્રી ઈલાબેન, તેમના પતિ, બાળકો તથા ઈલાબેનનાં માતાપિતા પણ આવ્યાં છે. સૌ પૂ. શ્રીને પ્રણામ કરી બેઠા હતાં પણ પૂ. શ્રી પોતાની લાક્ષણિકતા પ્રમાણે શાંત જ બેઠા હતા. હવે પૂ. શ્રી ઈલાબેન સાથે વાતો કરતાં કહે છે :

પૂ. શ્રી : કેમ છો? ક્યારે આવ્યાં?

તમને થશે અમને તો એવું પૂછ્યું પણ નહીં પણ અંતરથી તો પૂછી લીધું હતું. બહારથી પૂછીએ તો એક જ જવાબ મળે ને : હમણાં જ આવ્યાં.

હનુમાનજીએ રામને કહ્યું તમે જાણીને પૂછો છો. તમે મને ભૂલી ગયા? જીવ ભગવાનને ભૂલે પણ ભગવાન જો જીવને ભૂલે તો?

(ત્યાં વળી ભટ્ટસાહેબ પૂ. શ્રીને પૂછે છે.)



**શ્રી ભટ્ટસાહેબ :** આવતા વરસે આપનાં પ્રવચનો થાય ત્યારે જે પોસ્ટરો છપાય તેમાં હિમાલયનિવાસી શબ્દ અમે કાઢી નાંખવા વિચારીએ છીએ.

**પૂ. શ્રી :** હિમાલય નિવાસી કાઢી નાંખો. હવે હિમાલય નિવાસનું કાર્ય પણ પૂર્ણ જ થયું છે ને એ તો શ્રી નાનુભાઈ નાયકે સાહિત્યસંગમના પુસ્તકો છપાવ્યાં ત્યારે લેખક તરીકે હિમાલયનિવાસી શબ્દ જોડયો. જેથી લોકો વધારે આકર્ષિત થાય, પણ હિમાલયનિવાસી શબ્દથી સાહિત્ય ક્ષેત્રે એની કશી કિંમત નથી.

વિશ્વનિવાસી લખો. પણ વિશ્વમાં છીએ છતાં અમે તો વિશ્વથી પર છીએ. અને વિશ્વ તો પ્રભુનું એક જ ચરણ છે એટલે એ શબ્દ પણ યોગ્ય નથી.

હવે તો ક્યાંક પંદર દિવસ નિવાસી તો ક્યાંક મહિનો નિવાસી થવાનું બને છે. પણ ક્યાંયનાય ચોક્કસ નિવાસી નહીં. ક્યાંયે પણ નહીં નિવાસી છતાં બધે નિવાસી. એવું ચાલે છે. (સૌ હસે છે).

**એક ભાઇ :** આજકાલ ધર્મને નામે બધા કાર્યક્રમો ઘણા થાય છે તો શું હવે યુગપરિવર્તન નજીક છે?

**પૂ. શ્રી :** ધર્મના કાર્યક્રમો પરદેશ જઇને પણ લોકો કરે છે. એનું એક કારણ પૈસો પણ છે. અહીં ઘણી મહેનત કરી મહિને જેટલું મેળવે એનાથી અનેકગણું એક અઠવાડિયામાં ત્યાં મળે છે. જેથી વિશેષ રીતે લોકો ત્યાં પણ જાય છે.

બધા જ પૈસા માટે જાય છે એવું નથી. (એમ કહી પોતાના નિયમો–મંદિર કે શિક્ષણ સંસ્થાનું ન લેવું તેની વાતો કરતાં M. S. University નાં પ્રવચનોની વાતો કરે છે.) અમારા નિયમો સારા છે છતાં મુશ્કેલી પડતી નથી.

જેમ ભદ્ર વિચારો ગમે તે દિશામાંથી આવે તો તે આવકારદાયક છે. તેમ પૈસો ગમે ત્યાંથી આવે એ આવકારદાયક છે. એમ આજકાલ કથાકારો માને છે.

આજે દોઢ વાગ્યા સુધી સૌ મુલાકાતીઓ સાથે પૂ. શ્રી બેઠા છે. ત્યારબાદ સૌ પ્રણામ કરી પ્રસાદ લઇ વિદાય થાય છે. શ્રી ઈલાબેનનાં માતાપિતા અમેરિકા જનાર છે. તેમને પૂ. શ્રી ખાસ ફૂલહાર ને ફૂલ આપે છે.

પૂ. શ્રી કહે, "આ ફૂલ અમેરિકા પહોંચો ત્યાં સુધી સાચવી રાખજો. ત્યાં પણ ધ્યાન–જપ ચાલુ જ રાખજો. ધ્યાન જપને કાળનાં બંધન નથી લાગતાં.

તેઓ વિદાય થાય છે. પૂ. શ્રી થોડો આરામ કરી ફરી લેખનકાર્યમાં મગ્ન બને છે. સર્વેશ્વરી પણ ડાયરીની નોંધ ૫:૩૦ સુધી કરે છે. પૂ. શ્રી ૬:૦૦ સુધી લેખન કરે છે.

પ્રવચન માટે પૂ. શ્રી સ્નાન કરી તૈયાર થઇ જાય છે. પ્રવચનમાં ૬:૧૫ મિનિટે જવા માટે એક્સપ્રેસ એન્જી. વર્કસવાળા સેવાભાવી ભાઇ શ્રી રમેશભાઇની ગાડી આવી જાય છે. જેથી સમયસર પ્રવચનમાં પહોંચી જવાય છે.

પ્રવચન બાદ આજે સમયસર ઘરે આવી ગયા. ખીચડી ને દૂધનું ભોજન પૂ. શ્રી લે છે. થોડું ધ્યાનમાં બેસે છે. ત્યારબાદ આરામ કરતાં પહેલાં સર્વેશ્વરી આજે પૂ. શ્રીને પોતાની નોંધ વાંચી સંભળાવે છે. પૂ. શ્રી એ બરાબર છે એમ કહી આરામ કરે છે.

સર્વેશ્વરી નોંધ કરી આરામ કરે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)



# સુખાવતી નગરીની સ્મૃતિ

પરમાર્થી

સાન્તાએનાથી આશરે વીસેક માઇલ દૂર અમે બુદ્ધ ભગવાનના મંદિરે ગયા ત્યારે ખ્યાલ નહોતો કે અમેરિકામાં પણ ભવ્ય મંદિર જોવાનું મળશે. એ પહેલાં અમે 'હરે રામ, હરે કૃષ્ણ'ના મંદિરે ગયેલા, પણ ત્યાં ભવ્યતાનાં દર્શન થતા નહોતા. ત્યાં તો ભારતીય પહેરવેશ ને ભારતીય ઢબ તેમ જ પ્રણાલિકા શ્રેષ્ઠ સ્વરૂપે જોવા મળતા હતા. અમેરિકાની પ્રજાના શિસ્ત ને સમજદારીપણાના ચિહ્નો પણ ઉડીને આંખે વળગતાં હતાં. અંદર દશાવતારની લીલા બતાવવામાં આવી હતી, તે એક વિશેષતા હતી. ભગવાનના મુખ્ય દશ અવતારો થયેલા તે વાત તો જાણીતી હતી, પણ તેની રજૂઆત વિશિષ્ટ પ્રકારની હતી. રજૂઆત વૈજ્ઞાનિક ઢબે ને સચોટ હતી. શક્તિ હંમેશા ગતિશીલ હોય છે. ઇલેક્ટ્રોન ને પ્રોટોનના પરમાણુ ભલે દેખાવે જડ લાગે પણ તેમાં પણ ગતિશીલતા હોય છે તેથી તેમાં પણ શક્તિનો વાસ હોય છે. શક્તિના આવા વલણથી જ આ સૃષ્ટિમાં સનાતન કાળથી જીવન ધબકી રહ્યું છે અને હજી પણ ધબકતું રહેશે જ. વિશેષ સમયે શક્તિનો વિશેષ આવિષ્કાર એ રીતે થતો રહેશે. તેને જગતના લોકો અવતાર તરીકે ઓળખશે. અંદર બતાવેલી દશ અવતારની લીલામાં ભગવાન બુદ્ધનું દૃશ્ય પણ સરસ રીતે દર્શાવાયું હતું. તે દિવસે કાંઇક સારું જોયાનો સંતોષ અમે અનુભવ્યો હતો. પણ ભવ્યતાની દૃષ્ટિએ મંદિરોની જો સરખામણી કરવામાં આવે તો બુદ્ધ ભગવાનનું આ મંદિર ચઢિયાતું જ લાગે. 'હુસી લાઇ' (Hsi

Lai) મંદિરના કમ્પાઉન્ડમાં અમારી ગાડી આવીને થોભી ત્યારે તરત જ મંદિરની ભવ્યતાને અમે પ્રમાણી.

આ મંદિર તાઈવાનના ધર્મગુરુ 'હુસીંગ યુન'ના નેજા હેઠળ ગણાય છે. સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સેવા ઉપલબ્ધ થઈ રહે તેવા હેતુથી મંદિરની રચના ને સ્થાપના કરવામાં આવી છે એવો નિર્દેશ ત્યાંના વ્યવસ્થાપકો દ્વારા કરવામાં આવતો હતો. છેલ્લા કેટલાંક વર્ષોથી ચીન, જાપાન, કોરિયા, થાઈલેન્ડ, તાઈવાન વિગેરે દેશોમાંથી બૌદ્ધધર્મી લોકો અમેરિકામાં આવીને વસ્યા છે એટલે સ્વાભાવિક રીતે તેઓની ધર્મ ને સંસ્કૃતિની ભાવનાને સંતોષવા માટે આવા પ્રયાસો અનિવાર્ય બની જાય છે. ભારતથી પણ અનેક લોકો આવ્યા છે. તેઓ તરફથી પણ ઘણે ઠેકાણે મંદિરોની રચના થઈ છે. જુદી જુદી અનેક સંસ્થાઓની પણ સ્થાપના કરવામાં આવી છે. કહેવાય છે કે અત્યાર સુધીમાં ભારતીય લોકો તરફથી કુલ સિત્તેરથી પણ વધુ મંદિરો અમેરિકા ખાતે બંધાયાં છે. દક્ષિણ ભારતથી આવેલા લોકોએ નિરૂપતિનું મંદિર પણ સરસ બનાવ્યું છે. તે પણ વિશાળ ને મોટું છે પણ બુદ્ધ ભગવાનના આ મંદિર જેટલું ભવ્ય તો નહિ જ. બુદ્ધ ભગવાનનું આ મંદિર બહારથી અતિ સુંદર, વિશાળ ને આકર્ષક લાગે છે. એની સ્વચ્છતા, શિસ્ત ને શાંતિ, તેમ જ સુવ્યવસ્થા અન્ય મંદિરો કરતાં શ્રેષ્ઠ ને સરસ છે. મુખ્ય દરવાજો જ સ્થાપત્ય કલાનો બેનમૂન નમૂનો છે. પાર્કીંગ લોટ પણ ઓછી જગ્યામાં વધારે ગાડી ખડી કરી શકાય તે રીતે બુદ્ધિપૂર્વક બનાવાયો છે.

આ મંદિરની રચનાનો સૌ પ્રથમ વિચાર અથવા તો નિર્ણય ઈ. સ. ૧૯૭૮ માં ધર્મગુરુ હુસીંગ યુન દ્વારા કરવામાં આવ્યો



હતો. પરંતુ તેની યોજના કરતા અને યોજનાનો અમલ કરતા કુલ આઠ વર્ષનો ગાળો વીતી જવા પામ્યો હતો. જાન્યુઆરી ૧૯૮૬ માં આ મંદિરની રચનાનો પ્રારંભ થયેલો અને બે જ વર્ષમાં એટલે ૧૯૮૮ ના નવેમ્બર માસમાં મંદિર પૂર્ણ કરી દેવામાં આવેલું. આ મંદિરનું નામ "હુસી લાઈ" રાખવામાં આવ્યું છે. હુસી લાઈ ચીનીભાષાના શબ્દો છે. તેનો અર્થ પશ્ચિમ તરફ પ્રમાણ એવો થાય છે. બુદ્ધ ધર્મનો વિસ્તાર પહેલાં તો પૂર્વમાં જ થયો હતો. તેનો વિસ્તાર આધુનિક સમયમાં પશ્ચિમના દેશોમાં વધતો ચાલ્યો તેથી આવું નામ રાખવામાં આવ્યું લાગે છે. આ મંદિરની વ્યવસ્થા સંભાળનાર સંસ્થાનું નામ પણ IBPS એટલે કે આંતરરાષ્ટ્રીય (Internatonal) બૌદ્ધ (Buddhist) પ્રગતિ (Progress) સમાજ (Society).

આ મંદિર ૧૫ એકરના વિસ્તારમાં બાંધવામાં આવ્યું છે. કુલ બાંધકામ ૧૦૨૪૩૨ ચોરસફૂટનું છે. તેનો કુલ ખર્ચ ત્રીસ લાખ ડોલરથી પણ વધુ થયો છે. તેનું ફંડ સમગ્ર દુનિયામાંથી એકત્ર કરવામાં આવ્યું છે. તેમાં તાઈવાન, જાપાન અને હોંગકોંગ દેશોનો અગ્રિમ ફાળો છે. આ મંદિર પશ્ચિમના દેશોમાં સૌથી મોટું અને ભવ્ય ગણાય છે. તેની ડિઝાઈન ને તેની કલાકારીગીરી પ્રાચીન ચીનને ધ્યાનમાં રાખી કરવામાં આવી છે. અન્ય મંદિરો કરતાં આ મંદિર અદ્યતન સાધન સામગ્રી અને કલાગીરીની રીતે સુસજ્જ ગણાય છે. એની હરોળમાં બીજું કોઈ મંદિર પશ્ચિમના દેશોમાં નથી.

જેમ આ મંદિર બહારથી અતિ વિશાળ ને ભવ્ય દેખાય છે તેમ અંદરથી પણ એટલું જ ભવ્ય ને વિશાળ જોવાનું મળે છે. અહીં સાંસ્કૃતિક ને ધાર્મિક કાર્યક્રમો દર અઠવાડિયે વિશાળ પાયા

પર થતા હોવાથી મંદિરના ખંડો પણ એટલા જ વિશાળ રાખવામાં આવ્યા છે. શિક્ષણના વર્ગો પણ ધર્મને અનુલક્ષીને ચાલતા હોવાથી એકદમ અદ્યતન સામગ્રીથી ખંડો સુસજ્જ છે. આ મંદિરમાં Gift shop પણ ખૂબ જ મોટા પાયા પર રાખવામાં આવી છે. અહીં ખૂબ મોટા મેળાવડાને ઉપયોગમાં આવે તેવા ખંડો પણ બાંધવામાં આવ્યા છે. મંદિરનું સભાગૃહ અતિ વિશાળ છે. સૌથી મોટું અને મહત્ત્વનું જો કોઇ આકર્ષણ હોય તો તે આ મંદિરનું સંગ્રહાલય. સંગ્રહાલયમાં પ્રાચીન સ્થાપત્યની ને કલાગીરીની અનેક વસ્તુઓ જોવા મળે છે. દેવદેવીઓ વિષેની વૈદિકકાળની કલ્પના અને બૌદ્ધધર્મના દેવ દેવીઓની કલ્પના વચ્ચે ઘણું સામ્ય નજરે પડે છે. પહેલાં ભલે બુદ્ધ ભગવાને વેદનો બહિષ્કાર કરેલો, પણ વૈદિકધર્મની અસરથી બૌદ્ધ ધર્મ સર્વાંશે મુક્ત રહી શક્યો નહોતો તેની પ્રતીતિ આ સંગ્રહાલયમાં કોઇ પણ અભ્યાસુ જીવને થયા વિના રહેશે નહિ.

સંગ્રહાલયમાં નાગની મૂર્તિ નિહાળી ત્યારે મને પૂ. યોગેશ્વરજી યાદ આવ્યા હતા. તેમને થયેલાં બુદ્ધ ભગવાનનાં દર્શનોની સ્મૃતિ તાજી થઇ હતી. તે દર્શનો વિષે પૂજ્ય યોગેશ્વરજીએ પોતાની આત્મકથા 'પ્રકાશના પંથે'માં સરસ નોંધ પણ લખી છે. સોળ વર્ષની ઉંમરે તેમને વડોદરામાં સૌ પ્રથમ દર્શન થયેલું. તે દર્શન ધ્યાનસ્થ શાંત મુખમુદ્રાવાળું હતું. જ્યારે ઋષિકેશમાં થયેલ દર્શન વિશિષ્ટ પ્રકારનું હતું. બુદ્ધ ભગવાનને ગળે નાગ સાપ હતો. નાગનો સંબંધ તો શિવ શંકર સાથે જ હોય એવું સહેજે લાગે. બુદ્ધ ભગવાનના ગળે નાગ સાપ હોય એટલે તે વિશિષ્ટ દર્શન કહેવાય. નાગના પ્રતીકનો જે અર્થ છે તે સમજાવતાં મા સર્વેશ્વરીએ આ પ્રમાણે લખ્યું છેઃ



જગદમ્બાએ અંતરમાં દીધું સૂચવીઃ
માયા દાસી થઇને રહેતી અખંડ જો!
રાગની આડ નડે નહીં કદીયે તેમને
વિજયી બનતા કલ્યાણ કેરે પંથ જો!

(શ્રી યોગેશ્વર લીલામૃત—અ. ૧૨/૨૬)

અર્થાત્ નાગ માયાનું પ્રતીક છે. ગળામાં નાગ એટલે માયાતીત અવસ્થાની નિશાની. સંસારમાં પોતે હરે ફરે ને રહે તોપણ તેની અસર તેમને ન થાય. બલકે માયા દાસી થઇને તેમની મદદમાં નિત્ય નિરંતર રહે. નાગની મૂર્તિએ મને ત્યાં જ રોકી રાખ્યો. પૂજ્યશ્રીની પુણ્ય—પવિત્ર સ્મૃતિમાં મન ડૂબેલું રહ્યું. બુદ્ધ ભગવાનના મંદિરમાં મને જાણે કે પૂજ્યશ્રીનાં દર્શન થયાં ને પેલો નાગ જાણે કે તેમને ગળે સરકતો હોય તેવું જ લાગ્યું! પૂજ્યશ્રીની સર્વોત્તમ અવસ્થાની તે પ્રતીતિએ મને અનેરા ઉમળકાથી છલકાવી દીધો. બુદ્ધ ભગવાનના મંદિરે આવ્યાની સાર્થકતા અનુભવી.

હવે મારું શરીર આ મંદિરના સંગ્રહાલયમાં આગળ તો વધ્યું, પણ મન તો પૂજ્યશ્રીની પુણ્યસ્મૃતિના સુખદ સંગ્રહાલયની મોજ માણવા લાગ્યું. પૂજ્યશ્રીની આધ્યાત્મિક સિદ્ધિઓનું મૂળ બુદ્ધ ભગવાનની તેજસ્વીતામાં હોય તેવી લાગણી ઉદ્‌ભવી. તેવામાં બીજાં બે સભાગૃહોએ મારું ધ્યાન ખેંચ્યું—બોધિસત્વ હોલ ને બુદ્ધ હોલ. બોધિસત્વ એટલે જે સર્વ પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ ને દયાથી વર્તે છે અને સર્વ પ્રકારનાં દુઃખોથી તેની મુક્તિ ઇચ્છે છે તેવા બુદ્ધ ભગવાનના અનુયાયી. તેવા જે સાધકો અભ્યાસ હેઠળ હોય તેને પણ ત્યાં બોધિસત્વ કહેવામાં આવે છે. ગુણ પ્રમાણે બોધિસત્વના પાંચ વિભાગોની કલ્પના કરવામાં આવી છે—

સમન્તભદ્ર, ક્ષિતિગર્ભ, મૈત્રેય, અવલોકિતેશ્વર અને મંજિશ્રી. જ્યારે બુદ્ધ હોલમાં માત્ર ધાર્મિક કે આધ્યાત્મિક કાર્યક્રમો જ કરવામાં આવે છે. ત્રણ પ્રકારના બુદ્ધે આવિષ્કાર પામ્યા હતા તેવી માન્યતા હોવાથી ત્રણ જુદા જુદા બુદ્ધોની વિશાળ પ્રતિમાઓ પાસે જઇ અમે ઉભા રહ્યા. જમણી તરફની પ્રતિમા ભેષજ-ગુરુ તરીકે ઓળખાય છે. તેની કૃપા દ્વારા ઔષધિઓની પ્રાપ્તિ થાય છે અને શારીરિક દુ:ખો–દર્દો મટે છે. વચમાંની મૂર્તિ સાક્યમુનિ બુદ્ધ તરીકે ત્યાં ઓળખાય છે. ભારતમાં જે જન્મેલા તે સાક્યમુનિ બુદ્ધ. તેની ડાબી બાજુની મૂર્તિ અમિતાભ બુદ્ધ કહેવાય છે. તે જ્ઞાનના પ્રતીક મનાય છે. તેની કૃપા થાય તો સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય છે. તેની કૃપાથી સુખાવતી નગરીનું નિર્માણ થાય છે તેવી માન્યતા બૌદ્ધોમાં હોય છે.

ભારતમાં જન્મેલા બુદ્ધને બુદ્ધધર્મીઓ ભલે સાક્યમુનિ જ ગણતા હોય પણ ભારતીઓએ તો તેમને ભગવાનની ઉપાધિથી નવાજ્યા છે. દશ અવતારોમાં તેમનું સ્થાન અતિ મહત્ત્વનું ગણાય છે. ભારતીય પ્રજા તેમને ભગવાન એટલા માટે માનતી હતી કે તેઓ છ ગુણોથી અલંકૃત હતા: ઐશ્વર્ય, ધર્મ, લક્ષ્મી, વૈરાગ્ય, યશ અને ક્ષમા. જેમ ધનવાળો ધનવાન કહેવાય તેમ આ છ ગુણવાળો સદા ભગવાન કહેવાય. આજે બુદ્ધ ભગવાનના મંદિરમાં ભારતીય ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનના કેટલાંક સંસ્મરણો પણ તાજાં થયાં ને હૃદયને અભિભૂત કરી ગયાં. આ મંદિરની મુલાકાતની ફલશ્રુતિરૂપે પૂજ્ય યોગેશ્વરજીની સ્મૃતિની મોજ માણતુ મારું મન સુખાવતી નગરીમાં વસતું હોય તેમ અમેરિકામાં સ્હેલ કરવા લાગ્યું !



## * ગત જાણો *

મનવા! મરવાની ગત જાણો.
'આપ મુએ પિછ ડૂબ ગઇ દુનિયા'
જીવતે જીવન જાણો. મનવા !૦

આધા–જીવન શૈયા–મૃત્યુ,
શેષ–મૃત્યુ માયામાં;
મહા–મૃત્યુની વાત નિરાળી!
જીવ્યા ન હરિવર–છાયામાં.
પ્રમાદ એ ક્ષણ ક્ષણનું મૃત્યુ
વેદ–વાક્ય પ્રમાણો. મનવા !૦

જીવન સાથે જન્મે મૃત્યુ:
પરિણતિ નિયત–કાળે,
આધિ, વ્યાધિ, ઉપાધિ, અગ્નિ
માયાવી જીવ બાળે;
શિવ–રસાયણ–ભસ્મ સેવતાં
જનમ–મરણ–ભય ટાળે.
'અબ હમ અમર ભયે, ન મરેંગે'
પરમાનંદ નિત માણો. મનવા !૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)

## * થાશો *

લઈ લે ફકીરી, છોડ અમીરી, ઉર ઉન્માદ જગાવો,
છોડ બધું ને સ્પૃહા તજી દે–પ્રભુકૃપા જો ચાહે.

ભક્તિ કાજે દાન જીવનનું કર તું–ઈશ ભજી લો,
જાતસમર્પી, સઘળું અર્પી–હરિચરણ સમાઓ.

દૃઢતા સ્થિરતા મનની હોયે, વશમાં મનડું રાખો,
સંયમ વાટે જશો અરે તો, અઢળક આનંદ પામો.

સાવધ રહેજો, જીવન રથના ઘોડા ન પજવે જો,
ધીરજ શ્રદ્ધા હિંમત સાથે સાધના મારગ જાજો.

સમબુદ્ધિથી સ્થિરતા સાથે વિવેકને અપનાવો,
મનની શુદ્ધિ, શુચિતા સાથે પરમાનંદ જ પામો.

પ્રભુકૃપાથી જીવનમાંહીં ધન્ય અરે થૈ જાશો,
યોગેશ્વરની આશિષ પામી પુલકિત પુલકિત થાશો.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦



# શ્રી શ્રી મા શારદાના વાત્સલ્ય પ્રસંગો

લેખક : સ્વામી ગંભીરાનંદજી
સંકલન : ઝિઝુવાડિયા કનૈયાલાલ

મા શારદાદેવીનો ભક્તો તરફ કેટલો પ્રેમ હતો તે જોઈએ. મા શારદા કોઈ પણ જાતના ઊંચ–નીચના ભેદને ન માનતાં. દરેક ભક્તોને પુત્ર સમા ગણતાં અને દરેક સાથે ખૂબ જ પ્રેમપૂર્ણ વ્યવહાર કરતાં. મા સદા ભક્તને ભક્તની દૃષ્ટિએ જ જોતાં તેમાં જ્ઞાતિ કે ઊંચ–નીચનાં ભેદને તેમના હૃદયમાં સ્થાન જ નહોતું તેઓ માનતાં કે ભક્તની વળી નાત–જાત કેવી? ભક્ત એટલે ભક્ત.

મા શારદાને એક દિવસ એઠાં વાસણ સાફ કરતાં જોઈ નલિનીદેવી (પૂ. માની ભત્રીજી) બોલ્યાં "હાય રે! છત્રીસ જાતિનાં માણસોનો એઠવાડ સાફ કરે છે!" એ સાંભળી માતાજીએ કહ્યું. "છત્રીસ જાતિનાં ક્યાં? બધાં જ તો મારાં બાળકો છે." જેઓ બધાને જ પોતાનાં સંતાનરૂપે જુએ તેમને વળી જાતિના ભેદ શા? એઠવાડ સાફ કરવો એ માતાજીનું નિત્યકર્મ હતું. ભક્તોને તેઓ કાંઈ કરવા દેતાં નહિ. તેઓ કહેતાં, "આને માટે બીજા લોકો છે." ને પછી પોતે જ બધું સાફ કરી નાંખતાં. જયરામવાટીમાં એકવાર સ્વામી વિશ્વેશ્વરાનંદ એઠી થાળી ઉપાડવા ગયા ત્યારે માતાજીએ એમને એમ કરતાં રોકીને જાતે થાળી લઈ લીધી. સંન્યાસીએ કહ્યું, "આપ શા માટે ઉપાડો છો? હું જ ઉપાડીશ." માતાજી બોલ્યાં. 'તમારા માટે મેં બીજું શું કર્યું છે? માના ખોળામાં બાળક દસ્ત કરે ને કેટલુંય કરે. તમે તો દેવના દુર્લભ રત્નો છો."

માતાજીની સાથે જે બીજી સ્ત્રીઓ રહેતી તે આવું કંઇ કામ કરતી નહીં. ઊલટું ફરિયાદ કરીને કહેતી, "તમે તો બ્રાહ્મણપુત્રી છો. વળી ગુરુ છો. આ બધા તો તમારા શિષ્યો છે. તમે એમનો એઠવાડ શા માટે સાફ કરો છો? એમાં એમનું જ અમંગળ થશે." માતાજી સરળતાથી જવાબ આપતાં "હું તો એમની મા છું. છોકરાઓ માટે મા નહીં કરે તો કોણ કરશે?"

* * *

એક ભક્ત વણકર જાતિનો હતો. તેથી માતાજીના મકાનમાં હરતાં ફરતાં એને સંકોચ થતો. માતાજીએ એક દિવસ તેને કહ્યુ, "તું વણકર છે એટલે તને સંકોચ થાય છે, પણ તેમાં શું દીકરા? તું તો ઠાકુરનો સ્વજન છે, ઘરનો દીકરો પાછો ઘેર આવ્યો છે. માતાજીએ તેને સમજાવતાં કહ્યું કે દીક્ષા આપતી વખતે એની જાતિ વિષે પૂછ્યું નથી, એ જ બતાવે છે કે તે માતાજીના કુટુંબનો જ છે. ગામડાઓમાં આ સામાજિક બંધનો હોવા છતાં જયરામવાટીમાં કોઇ એને કાંઇ પૂછશે નહિ. તેણે પણ સામેથી પોતાનો પરિચય આપવો નહિ.

* * *

એક વાર દુર્ગાપૂજા વખતે મહાઅષ્ટમીને દિવસે બધા માતાજીના ઓરડામાં આવી એમના ચરણે ફૂલ ધરતા હતા, પણ એક માણસ ચૂપચાપ બહાર ઊભો હતો. પૂછપરછ કરતાં માતાજીએ જાણ્યું કે એ હલકી ગણાતી "બાગદી" કોમનો છે, ને તાજપુરથી આવેલ છે. માતાજીએ એને પણ અંદર આવીને ફૂલ ધરવાનું કહ્યું. માતાજીની ચરણપૂજા કરી પ્રફુલ્લ વદને એ ચાલ્યો ગયો.

* * *



માતાજીનો માતૃસ્નેહ એટલો બધો પ્રબળ હતો કે જે ભક્ત એમની પાસે આવતો તેનો બધો સંકોચ પળવારમાં દૂર કરી તેને તરત પોતાનો કરી લેતાં. રાસબિહારી મહારાજનાં મા તેમને નાના મૂકી મરી ગયાં હતાં તેથી 'મા' સંબોધન કરતાં એમને સંકોચ થતો. એક વાર માતાજીને પોતાના એક સગા મારફત રાસબિહારીને સંદેશો મોકલવો હતો. માતાજીએ તેમને સમયસર સમજાવીને પૂછ્યું. "શું કહેશે બોલ તો?" ભક્તે કહ્યું. "તેઓએ આપને આ પ્રમાણે સંદેશો મોકલ્યો છે." માએ આ પ્રમાણે સંદેશો મોકલ્યો છે તેમ ન કહેતાં તેઓએ સંબોધન વાપરતાં એને સુધારી મા શબ્દ ઉપર વજન દેતાં માતાજીએ કહ્યું. "માએ કહ્યું છે, એમ કહેજે."

* * *

માતાજી જ્યારે કોઆલપાડામાં માંદાં હતાં ત્યારે જયરામવાટીમાં રહેતા એક બ્રહ્મચારી પોતાના ખાવાપીવા માટે બહુ ઉદાસીન છે જાણી એમણે એને કોઆલપાડા બોલાવીને સારી રીતે ખાવાનું કહ્યું. બ્રહ્મચારી ઉંમરમાં ખૂબ નાનો હતો, તો પણ માતાજી પાસે સંકોચ પામતો હતો. તે ઉપરાંત એની પોતાની તબિયત પણ સારી ન હતી, એટલે એને બીક લાગતી કે એનો ચેપ માતાજીને તો નહીં લાગે ને? તેથી માતાજી સાથે વાતો કરતી વખતે તે હમેશાં દૂર ઊભો રહેતો. માતાજીએ એને પાસે આવવા કહ્યું તોપણ તે દૂર જ ઊભો રહ્યો. એ જોઇ એમણે કહ્યું, "આ શું? પાસે આવી મારા શરીર પર હાથ ફેરવીને જો, મને કેમ છે?" ત્યારે બ્રહ્મચારી માતાજીની પાસે જઇ માતાજી પાસે બેઠો. મા હેતપૂર્વક તેની સાથે વાતો કરવા લાગ્યાં. તે દિવસોમાં જયરામવાટીથી કોઆલપાડા દૂધ મોકલવામાં આવતું, તેથી માતાજીએ તે બ્રહ્મચારીને કહ્યું, "અહીં ઘણું દૂધ મળે છે. ત્યાંથી મોકલવાની જરૂર નથી. ત્યાં તમે સૌ છૂટથી દૂધ પીજો.

* * *

માતાજી સાથે એમનાં સંતાનોનો સંબંધ કોઇ દૈવી નિયમોથી બંધાયેલો હતો ને એનો પ્રકાશ અપૂર્વ રીતે પથરાઇ જતો. એમાં દુન્યવી સંબંધોનું ઊંડાણ અને પોતાપણું હતું, છતાં લેશમાત્ર માયાનું બંધન કે આકર્ષણ ન હતું. એમાં આંસુ ને હાસ્ય બંને હતાં, છતાં અપૂર્વ શાંતિ હતી.

દ્વારકાનાથ મજુમદાર નામે એક ભક્ત જયરામવાટીમાં દીક્ષા લઇ ઘેર પાછા ફરતા હતા, ત્યારે કોઆલપાડામાં જ એમને મરડો થયો. એમાં જ છેવટની ઘડી સુધી હાથ જોડી શ્રી રામકૃષ્ણનું નામ લેતાં લેતાં દેહાન્ત થયો. થોડા દિવસ પછી આ ખબર માતાજી પાસે પહોંચતાં કોઇ પુત્રશોકથી આતુર માતાની માફક એમણે રડવા માંડયું, ને કહેવા લાગ્યાં, "અરેરે, મારો રત્ન જેવો દીકરો ચાલ્યો ગયો! મારા દીકરાનો આ છેલ્લો જન્મ હતો." (મા શારદાનાં આ વિધાન ઉપર વાંચકોનું ખાસ ધ્યાન ખેંચવા માગું છું. શું સામાન્ય માનવ એમ કહી શકે કે આ એનો છેલ્લો જન્મ હતો.") એક વાર કોઇ ભક્તે મા આનંદમયીમાને પ્રશ્ન કરેલ મા, આ તમારો કેટલામો જન્મ છે? પ્રત્યુત્તરમાં માએ જણાવેલ કે આ મારો પહેલો જ જન્મ છે. આમ કોણ કહી શકે?

* * *

મા શારદાદેવી એમનાં ત્યાગી સંતાનોને સંન્યાસના નામથી નહોતાં બોલાવતાં. તે વિષે તેઓ કહેતાં, "હું મા છું. એમના સંન્યાસના નામથી બોલાવતાં મને દુઃખ થાય છે." સંન્યાસ એટલે વિખૂટા પડવું. મા બાપથી પણ. ને એ ભાવ માતાજી મનમાં પણ સહી નહોતાં શકતાં.

એમનો આ માનવોચિત વ્યવહાર જોઇ સ્વામી વિશ્વેરાનંદે



એક વાર પૂછ્યું, "આપ અમને કેવી દૃષ્ટિથી જુઓ છો?" માતાજી બોલ્યાં, "નારાયણરૂપે." "અમે તો તમારા સંતાન છીએ. જો નારાયણ તરીકે જુઓ તો સંતાન તરીકે નહિ જોઇ શકો." (ભગવાન બાલકૃષ્ણે એક વખત મોઢામાં માટી નાંખી તે જોઇ માતા યશોદાએ લાલાના મુખમાંથી માટી કાઢવા માટે લાલાનું મોઢું ખોલ્યું. મોઢું ખોલતાં જ યશોદાજી વિહ્વળ બની ગયાં! લાલાએ યશોદાજીને પોતાના મુખમાં વિશ્વદર્શન કરાવ્યું. ત્યાર પછી માતા યશોદા બાલકૃષ્ણને પુત્ર સ્વરૂપે ન જોઇ શકતાં. ત્યાર પછી ભગવાને તેમની એ સ્મૃતિ ઉપર પડદો પાડી દીધો. પછી જ યશોદાજી ફરી લાલાને પુત્રભાવે જોતાં થયાં. ભાગવતનો શ્રીકૃષ્ણની બાળ-લીલાનો આ પ્રસંગ ખૂબ જ પ્રચલિત છે) તરત માતાજી બોલ્યાં, "નારાયણ તરીકે જોઉં છું. વળી સંતાન તરીકે પણ જોઉં છું.

* * *

રાધારાણીએ એક બિલાડી પાળી હતી. એને માટે પાશેર દૂધની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ ડર્યા વિના માતાજીના પગ પાસે સૂઇ રહેતી. બીજાઓ એને માટે બબડાટ કરતા ત્યારે માતાજી લાકડી લઇ એને કાઢી મૂકવાની બીક દેખાડતાં. પણ તે વધુ ને વધુ માતાજીના પગ વચ્ચે ભરાઇ જતી. માતાજી ત્યારે લાકડી ફેંકી દઇને હસતાં ને બીજાઓ પણ હસવા લાગતાં. ચોરી કરીને ખાવાનો બિલાડીનો સ્વભાવ હોય છે. પણ તેથી માતાજી ચીડાતાં નહિ પણ કહેતાં "દીકરા, એનો તો સ્વભાવ જ ચોરી કરીને ખાવાનો છે. એને વળી હેતપૂર્વક કોણ ખવડાવે?" એક વાર બ્રહ્મચારી જ્ઞાન એની સામે લડાઇમાં ઊતર્યા. એમ તો રોજ એ તેને મારતા, પણ તે દિવસે તેમણે તેને પકડીને જમીન પર પછાડી. તે જોઇ માતાજીના મોં પર વિષાદ છવાઇ ગયો! જ્ઞાનના

અણગમા છતાં રાધુ અને માતાજીના જતનથી આ બિલાડીનાં બચ્ચાં વધવા લાગ્યાં.

એક વાર માતાજીને કલકત્તા જવાનું થયું. માતાજીએ જ્ઞાનને બોલાવી કહ્યું, "જો જ્ઞાન, તું બિલાડીઓ માટે ભાત રાંધજે જેથી તેમને બીજાને ત્યાં જવું ન પડે. બીજાને ત્યાં જશે તો આપણને જ ગાળો ખાવી પડશે." આ તો વ્યવહારુ બુદ્ધિની વાત હતી. માતાજી જાણતાં હતાં કે બિલાડીઓનું ભાગ્ય તેથી બદલવાનું ન હતું. તેથી તેમણે ઉમેર્યું, "જ્ઞાન જોજે, બિલાડીઓને મારતો નહિ. એમની અંદર પણ હું જ છું." આટલું જ પૂરતું હતું. પછીથી કોઈ દિવસ બ્રહ્મચારી જ્ઞાન બિલાડીઓને મારી ન શક્યા. એટલું જ નહિ પણ પોતે શાકાહારી હોવા છતાં બિલાડીઓ માટે મચ્છી રાંધી આપતા.

* * *

મા શારદાદેવીનાં વિશ્વમાતૃત્વના સ્નેહમાંથી કોઈ પણ બાદ ન હતું. રાસબિહારી મહારાજે એક વાર માતાજીને પૂછ્યું, "તમે શું બધાનાં જ મા છો?" એમણે જવાબ આપ્યો, "હા." પાછો પ્રશ્ન આવ્યો, "આ બધા જીવજંતુઓનાં પણ" જવાબ મળ્યો "હા, એમની પણ."

* * *

એક વાર સ્વામી વિશ્વેશ્વરાનંદ જયરામવાટી પહોંચતાં માતાજી આગ્રહ કરીને બોલ્યાં, "આવ્યો! સારું થયું. કેટલા દિવસોથી તને યાદ કરતી હતી. રાજેનને બોલાવવા જતાં જીભ ઉપર તારું જ નામ આવી જતું." માતાજી કોઈ દિવસ પોતાની લાગણી પ્રગટ કરતાં નહોતાં, એટલે આવો લાગણીનો પ્રકાશ કોઈક વાર જ વ્યક્ત થતો.

* * *



સ્વામી મહેશ્વરાનંદ 'ઉદ્‌બોધન'થી બેલુરમઠ જતા હતા ત્યારે માતાજીએ એમને એક રૂપિયો આપી સ્વામી પ્રેમાનંદને આપવા કહ્યુ ને ઉમેર્યું, "કહેજે, ઠાકુરને પૂજા ધરાવે અને શરતને નામે તુલસી ચડાવે." ત્યારે સ્વામી શારદાનંદ તાવમાં પથારીવશ હતા. (આ પ્રસંગો ઉપરથી જાણી શકાય કે શ્રી રામકૃષ્ણદેવના તિરોધાન પછી સંન્યાસી થએલા ભક્તોની પૂ. મા કેટલી ચિંતા કરતાં, તેમના તરફ કેટલો પ્રેમ રાખતાં)

આરામબાગના પ્રભાકર મુકરજી પાસેથી એમણે જ્યારે સાંભળ્યું કે એના દીકરાને અછબડા નીકળ્યાં છે, ત્યારે એના હાથમાં એક રૂપિયો આપી માતાજી બોલ્યાં, "રસ્તામાં જતાં કામારપુકૂરમાં દેવી શીતલાને પૂજા ચડાવજે." (આજથી ૯૦, ૯૫ વર્ષ પહેલાં રૂપિયાની કિંમત ઘણી મોટી હતી અને તે પણ શુદ્ધ ચાંદીના.)

* * *

જયરામવાટીમાં વિભૂતિભૂષણ ઘોષને માતાજી પાસે સંતોષથી ખાતાં જોઈને એમનાં માતુશ્રી રોહિણીબાળા બોલ્યાં, "વિભૂતિ અહીં. તો ખૂબ જમે છે, અને ઘરે તો આટલું જ ખાય છે." કહી હાથથી થોડું દેખાડયું. ત્યારે માતાજી બોલ્યાં. "મારા દીકરા પર તમે નજર ન નાંખશો. હું તો ગરીબ ભિખારણ છું. હું જે કંઈ આપું તે મારા દીકરાઓ સંતોષથી ખાય છે."

વસ્તુતઃ માતાજીની વાતોમાં ને વ્યવહારમાં એવો એક આંતરિક ને સરસ ભાવ હતો કે પાસે આવનારને તેઓ તરત જ પોતાનો કરી લેતાં.

* * *

ઉદ્‌બોધન'માં (૧૯૧૧ ના ફેબ્રુઆરીમાં) એક સ્ત્રીભક્ત એમની પાસે આવતાં માતાજીએ પૂછ્યું, "કેમ છે? વહુને કેમ છે? આટલા દિવસ ન આવ્યાં તેથી મને થયું કે તું માંદી પડી કે શું?" એ સ્ત્રીભક્તને નવાઇ લાગી કે એક જ મુલાકાતથી આટલો ગાઢ સંબધ કેવી રીતે બંધાયો? એટલું જ નહિ પણ એને હેતથી પોતાના ખાટલા પર બેસાડી માતાજી બોલ્યાં, "એમ લાગે છે કે તને કેટલીયે વાર જાણે મળી છું. જાણે કે કેટલાય દિવસથી આપણી ઓળખાણ છે." ઘેર પાછા ફરતી વખતે એને માટે માએ પ્રસાદ મંગાવ્યો ને પોતાના હાથે પ્રસાદ તેના મોં સુધી લઇ જઇ બોલ્યાં, "આટલી શરમ શાની? આ ખાઇલે." વિદાય લેતી વખતે માતાજીએ તેને પૂછ્યું, "તું એકલી નીચે જઇ શકીશ કે હું સાથે આવું?" ને પછી દાદર સુધી વળાવવા આવ્યાં.

એ જ સ્ત્રીભક્ત ઉનાળામાં એક દિવસ થાકેલી અને પરસેવા-થી ભીંજાઇને આવી ત્યારે માતાજીએ વ્યગ્ર થઇને કહ્યું, "કબજો કાઢી નાખ. જરા હવા ખા." ને પછી પોતે પંખો લઇ તે સ્ત્રીને પવન નાંખવા લાગ્યાં. "મને પંખો આપો. હું પવન નાંખીશ," કહી જેટલી વાર એ પંખો લેવા ગઇ તેટલી વાર માતાજીએ હેતથી કહ્યું, "રહેવા દે ને. જરા ઠંડી થા." સને ૧૯૧૨ ના ઓક્ટો-બરમાં એ ભક્ત પાછી એક વાર આવીને બપોરે પ્રસાદ લઇ માતાજીને પંખો નાંખવા લાગી, ત્યારે એમણે કહ્યું, "ત્યાંથી ઓશીકું લઇ આવી મારી પાસે સૂઇ જા. મને હવાની જરૂર નથી." સ્ત્રીભક્તે જઇને રાધુના ઓરડામાંથી ઓશીકું આણ્યું ત્યારે માતાજીએ કહ્યું, "આ તો પાગલીનું (માતાજીનાં ભાભી સૂરબાળા-દેવી, ભાઇ અભયચરણનાં પત્ની અને રાધારાણીનાં માતા) ઓશીકું છે. આ જ લેને. આમાં કોઇ દોષ નથી." (આમ કહી



પોતાનું જ ઓશીકું આપ્યું હશે.) અને પછી રાધુને બોલાવીને કહ્યું, "રાધુ આવ, તારી મોટી બહેન પાસે આડી પડ."

* * *

બ્રાહ્મણ કરતાં જરા ઊતરતી જ્ઞાતિનાં એક બહેનને માતાજીને પોતાના હાથે રાંધીને ખવડાવવાની ઇચ્છા હતી. એમની અનુ-મતિથી બીજે દિવસે (સને ૧૯૧૮ ના ઓગષ્ટ માસમાં) જુદી જુદી વાનગીઓ રાંધીને એ લઇ આવી. ત્યારે માતાજીએ કહ્યું, "જુઓ, કેટલી મહેનત કરી આ બધું રાંધીને લઇ આવી છે!" ત્યારે નલિનીદેવીએ (માના ભત્રીજી. ભાઇ પ્રસન્નકુમારના પ્રથમ પત્ની રામપ્રિયાની પુત્રી) કહ્યું, "તમે માગો છો શા માટે? માગો છો એટલે જ તો લઇ આવે છે." માતાજીએ કહ્યું, "એ તો મારી દીકરીઓ છે. શું એમની પાસેથી ન માગું?" તે રાત્રે એમનું રાંધેલું ખાઇ માતાજીને આનંદ થયો. નલિનીદેવી જેવાં મરજાદી પણ બોલ્યાં, "મને તો બીજા કોઇનું રાંધેલું ભાવતું જ નથી, પણ આનું રાંધેલું ખાતાં તો ઘૃણા થતી નથી." આ સાંભળી ગર્વ સહિત માતાજી બોલ્યાં, "ઘૃણા શેની ઊપજે? એ તો મારી દીકરી છે."

* * *

'ઉદ્‌બોધન'માં માતાજીના ઓરડાની ઉત્તર બાજુના વાડામાં બેઠેલા એક યુવકે કહ્યું, "મા, આ સંસારમાં હું બહુ કષ્ટ પામ્યો છું. તમે જ મારાં ગુરુ છો. તમે જ મારાં ઇષ્ટદેવતા છો. બીજું કંઇ હું જાણતો નથી. ખરેખર મેં જીવનમાં એટલાં પાપકર્મો કર્યા છે કે શરમથી તમારી પાસે બોલી શકતો નથી. તોપણ તમારી કૃપાથી જ જીવી રહ્યો છું." હેતથી સંતાનના માથા ઉપર હાથ ફેરવતાં

માતાજીએ કહ્યું, "માની પાસે દીકરો તે દીકરો જ છે." સ્નેહાળ સ્પર્શથી યુવકનું હૃદય પીગળી ગયું. તે બોલ્યો "હા મા, પણ તમારી આટલી બધી કૃપા મળી છે છતાં એવો આશીર્વાદ આપો કે કદીએ મારા મનમાં એમ ન આવે કે તમારી કૃપા મેળવવી ખૂબ સહેલી છે."

* * *

સને ૧૯૧૩ માં થોડાક ભક્તો જન્માષ્ટમીને દિવસે છેક સૂર્યાસ્ત વખતે કોઆલપાડા પહોંચ્યા. તે જ રાતના જયરામવાટી મોડી રાત્રે પહોંચ્યા. તે વખતે માતાજીને ખબર આપવામાં ન આવી. બીજી સવારે તેમની સાથે મુલાકત થતાં માતાજીએ તેમને ઠપકો આપતાં કહ્યું, "દીકરા, ઠાકુર તમારું રક્ષણ કરે છે. અંધકારમાં, વરસાદમાં ને કાદવમાં કેટલાય સાપો છૂંદીને આવ્યા હશો. તમે આવી રીતે આવ્યા તેથી મને દુઃખ થાય. આવી બેદરકારી તે સારું ન કહેવાય." ભક્તોએ કહ્યું કે રજા થોડી હતી ને માતાજીનાં દર્શન કરવાનો તેમનો આગ્રહ પ્રબળ હતો. તેથી તેમણે આમ કર્યું હતું. તથાપિ માતાજી બોલ્યાં "તમને તો એવી ઇચ્છા થાય જ. પણ આથી મને દુઃખ થાય છે."

લગભગ અઢી વર્ષ વીત્યાં પછી એમનામાંના એક જણની પત્ની માતાજીનાં દર્શન કરવા 'ઉદ્‌બોધન' ગઇ હતી. તે વખતે આ બનાવ માતાજીને યાદ આવ્યો. સવારે નવ–દસ વાગ્યે માતાજી મમરાને ભૂંજેલી અડદની દાળ લૂગડાના પાલવમાં રાખી ખાતાં હતાં. તેમાંથી એ ભક્તની પત્નીને આપીને કહ્યું, "વહુ, ખા." સાંજે ભક્ત આવતાં જ માતાજીએ એ જૂના પ્રસંગનો" ઉલ્લેખ કરી કહ્યું, "બેપરવા થઇ ચાલવું સારું ન કહેવાય." ભક્તે કહ્યું, "ના, હવે કદી નહિ જાઉં." માતાજી સમજ્યાં કે ભક્ત હવે જયરામવાટી નહિ જાય. એટલે જલદી જલદી બોલ્યાં, "ના, ત્યાં તો આવજો. આ તો દીકરા, તમારા પગમાં કાંટો વાગે તો મારી છાતીમાં ભાલો વાગવા જેવું લાગે છે." (મા શારદાદેવીનું આ કથન સમજવા જેવું છે. ભક્તોને કાંઇ પણ કષ્ટ પડે તો તેની અસર માતાજી ઉપર પડતી.) ને પછી ભક્તની પત્ની તરફ જોઇ બોલ્યાં, "દીકરી, તું એને સંભાળજે. આમ બેપરવા થઇ તે ન ચાલે."



* * *

'ઉદ્‌બોધન'માં એક વાર એક નાની બાળકી માતાજીની પાસે સૂતી હતી. તેણે એમનો કામળો બગાડયો. બાળકીની મા તરત એ સાફ કરવા આવી તો માતાજીએ એની પાસેથી લઇ લીધો ને પોતે જ ધોઇ આવ્યાં. બાળકીની માએ કહ્યું, "તમે શા માટે ધુઓ છો?" ત્યારે તેઓ બોલ્યાં, "શા માટે ન ધોઉં? એ કંઇ પારકું બાળક થોડું છે?"

* * *

દિવસો જતાં માતાજીના ભક્તોની સંખ્યા વધતી ગઇ ને તેઓ ગમે તે વખતે 'ઉદ્‌બોધન' આવવા લાગ્યા. એમની રુચિ પણ વિચિત્ર અને એમની જરૂરિયાતો પણ જુદી જુદી. માતાજીને વિશ્રામ કરવાનો વખત પણ નહોતા મળતો ને અગવડો પણ બહુ વધતી જતી હતી. આ બધું જોઇ એક દિવસ ગુલાબમા બબડતાં હતાં, "મા, તમને આ શું થયું છે? તમારી પાસે જે આવે ને તમને 'મા' કહી બોલાવે કે તેને તમે ચરણોમાં પ્રણામ કરવા દો છો." માએ જવાબ આપ્યો, "શું કરું ગુલાબ, મા કહીને કોઇ આવે તો હું રહી નથી શકતી."

* * *

(ક્રમશઃ)

### પ્રભુ પ્રાપ્તિ માટેની જડીબુટ્ટી એટલે

# પ્રાર્થના

સંકલન : રાજીવ હ. જાની

પ્રાર્થનાનું ભારતીય સંસ્કૃતિમાં અવિભિન્ન સ્થાન છે. પ્રત્યેક ધર્મ, સંપ્રદાય અને પંથમાં તેને અગ્રીમ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાર્થના માનવજાત માટે "કલ્પવૃક્ષ" છે. એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. તેથી તો સર્વ કાર્યારંભે પ્રાર્થના કરવામાં આવે છે. પ્રાર્થના એ હૃદયનું સંગીત છે. પ્રાર્થનાથી જીવવાનું બળ મળે છે. પ્રાર્થના મનુષ્યના મનોભાવોની અને અંતરની ઊર્મિઓની અભિવ્યક્તિનું સહજ સાધન બની, જીવનના આધ્યાત્મિક અભ્યુ-ત્થાનનું અંતરંગ અંગ બની રહે છે.

કાકા કાલેલકર કહે છે કે, "પ્રાર્થના એટલે પોતાના આદર્શ મુજબનું પોતાનું જીવન ઘડીને પ્રભુને સમર્પણ કરવાની ક્રિયા." પૂ. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, "આત્મા શુદ્ધિને સારું નિરંતર ઈશ્વર સ્તવન કરવું તેનું નામ પ્રાર્થના.

જેમ બાહ્ય જગતને જોવા માટે આંખની જરૂર છે, તેમ અંતરમાં ડોકિયું કરવા પ્રાર્થના અનિવાર્ય છે. પ્રાર્થના એ કોઇ વસ્તુની માંગ નથી, પણ એ તો આત્માની તૃપ્તિ છે. પરમાત્માને કઇ ભાષામાં પ્રાર્થના કરવી? સંસ્કૃત ભાષા છે. તો શું ઈશ્વર સંસ્કૃત ભાષામાં કરેલી પ્રાર્થના જ સાંભળતા હશે? ના, પ્રાર્થના માટે ભાષા ગૌણ વસ્તુ છે. પરંતુ તેની પાછળ ભાવના, શ્રદ્ધા અને વિશ્વાસની સાચી કેટલી માત્રા છે તે જોવામાં આવે છે. ભગવાન



ભાવના પ્રધાન છે. શ્રદ્ધા જેટલી સઘન તેટલી જ પ્રાર્થનાનો સચોટ પ્રત્યુત્તર ભગવાન પાસેથી મળે છે. શ્રદ્ધા એ મહાન શક્તિ છે. પ્રાર્થનામાં શબ્દવિહોણું હૈયું ચલાવી લેવાશે, ફક્ત શબ્દો નહિ ચાલે. પ્રાર્થના શ્રદ્ધાની વાણી છે. પ્રાર્થના એ પ્રભાતની ચાવી છે અને સાંજની સાંકળ છે. પ્રાર્થના માગણી નથી, લાગણી છે. પ્રાર્થના પ્રભુતા છે. પ્રભુનો ઉપકાર માનવા માટે પણ તેની પ્રાર્થના સવાર સાંજ જરૂરી છે. તેના દ્વારા જ સદ્‌ગુણોનો વિકાસ થાય છે. પરંતુ તેમાં શ્રદ્ધાની અપેક્ષા રહે છે. આત્માનું શૌર્ય, આત્માનું પરિશોધન એ જ પ્રાર્થના છે. તંદુરસ્તી સાચવવા માટે જેમ સાત્ત્વિક આહારની જરૂર છે તેમ આત્માના વિકાસ માટે પ્રાર્થના-ની જરૂર છે. પરમાત્માના પ્રત્યક્ષ પરિચય અથવા અનુગ્રહના અલૌકિક અનુભવ માટે પ્રાર્થના પરમશ્રેયસ્કર સેતુ થઇ રહે છે. એની મદદથી મનુષ્યને પ્રેરણા તથા શાંતિ મળે અને એના જીવનના આધ્યાત્મિક વિકાસનો માર્ગ મોકળો થાય છે.

દૈનિક નિત્યકર્મમાં પ્રાર્થનાનું સ્થાન અવશ્ય હોવું જ જોઇએ. પ્રાર્થના કરવાની એક ટેવ પડી જવી જોઇએ. સ્મૃતિ, શક્તિ અને શાંતિ આપનાર પરમેશ્વરને માનવી ભૂલે તો માનવી અને પશુમાં શું તફાવત છે? તેથી પ્રત્યેક ક્ષણે પ્રભુ પ્રાર્થના કરવી જોઇએ. પ્રાર્થના અત્યંત મીઠાશ ભરેલી છે તે કરવામાં જરાયે ખર્ચ કરવો પડતો નથી. કે કોઇ ત્રાસ થતો નથી. છતાંય મનુષ્ય પ્રાર્થના પ્રત્યે દુર્લક્ષ સેવે છે. સાંપ્રતકાળે લોકો તેની હાંસી ઉડાડે છે. પરંતુ પ્રાર્થનાનું ફળ તો મળતું જ રહે છે. પ્રાર્થના પણ બીજા કર્મોના જેવું જ એક કર્મ છે. તેથી તેનું પરિણામ આવે જ છે. પ્રાર્થનાનું પરિણામ સ્પષ્ટ જોઇ શકાતું નથી. પરંતુ તે કદાપિ નિષ્ફળ જતી નથી. સાચી પ્રાર્થનાનો જવાબ મળ્યા વિના રહેતો જ નથી.

માણસે દંભી બનીને દેખાડવા માટે પ્રાર્થના કરવાની નથી. આવા માણસો તો જાહેરમાં પ્રાર્થના કરે છે. પરંતુ એકાંત જગ્યાએ બેસીને કરેલી પ્રાર્થના પ્રભુ સાંભળે જ છે, અને તેનું ફળ જાહેરમાં આપે છે. આડંબર ભરેલી પ્રાર્થના વધારે ફળદાયી બનતી નથી. સામૂહિક પ્રાર્થના ખરા દિલપૂર્વક થાય તો તેનું અવશ્ય ફળ મળે છે. પ્રેમપૂર્વક કરેલી પ્રાર્થનાથી હૃદય વિશાળ બને છે, અને આવા વિશાળ અંતરમાં જ પ્રભુ વાસ કરે છે. નિર્દોષ નાના ભૂલકાંની જેમ પ્રભુ પાસે દિલ ખોલવું જોઈએ, અને નિર્દોષ બાલ્યભાવથી પ્રાર્થના કરવી જોઈએ. પ્રાર્થનાનો હેતુ પારાવાર ભૌતિક સુખોનો અંબાર એકઠો કરી લેવાનો નથી. પ્રાર્થના તો દિલની દોલતને જ દુનિયાની સર્વશ્રેષ્ઠ દોલત ગણવા-ની રીત શીખવે છે.

પ્રાર્થના સાચા અંતઃકરણપૂર્વક કરવી જોઈએ. દુર્ગુણો, વ્યસનો અને દૂષણોમાંથી મુક્તિ મેળવવા સારો માર્ગ એ છે કે પ્રભાતમાં થોડો સમય સુધી તેની વિરુદ્ધના સદ્‌ગુણોની પ્રાર્થના કરવી. પ્રાર્થના માટે ઘાંટા પાડવાની કે શોર બકોર કરવાની કોઈ જરૂર નથી. ભગવાન કાંઈ દૂર નથી. એ તો માનવીની ખૂબ જ નજીક છે. તેનું સ્થાન માનવીના હૃદયમાં જ છે. મૌન પ્રાર્થનામાં પણ મહાન શક્તિ છે. મૌનદ્વારા કરેલી પ્રાર્થના સબળ અને પ્રબળ બની રહે છે. ઈશ્વરને પ્રત્યક્ષ ગણીને એની સાથે વાત કરવી એટલે જ પ્રાર્થના. એના માટે કોઈ વિશેષ વિધિ નથી હોતી. કે કોઈ ચોક્કસ દિશા તરફ મુખ રાખીને અથવા આસન પર બેસીને કે ધૂપદીપ, અગરબત્તી અથવા નૈવેદ્ય સાથે થવી જોઈએ એવું પણ નથી. સ્નાન કર્યા વિના ના થઈ શકે અથવા કોઈ વિશિષ્ટ પ્રકારનાં વસ્ત્રો પહેરીને જ થઈ શકે એવો પણ કોઈ નિયમ નથી. પ્રાર્થનાની



સાચી વિધિનું મૂળ તો માનવનું ભાવ ભરપૂર મન અથવા એનું સંવેદનશીલ શ્રદ્ધાભક્તિપરાયણ પ્રેમ પરિપ્લાવિત અંતઃકરણ છે. એવા મન અને અંતઃકરણથી અલંકૃત બનીને કરવામાં આવતી પ્રાર્થના પ્રમાણિક અને હૃદયસ્પર્શી હોય છે. એનો આવિર્ભાવ અણુઅણુમાંથી ને પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી થતો હોય છે. એવી પ્રાર્થના વખતે અંતર અતિશય આર્દ્ર બની જાય છે. અશ્રુની પ્રાણવાન પરંપરામાં પ્રવાહિત થાય છે. પોકારમાં પ્રકટ બને છે. તો ભાવાનુભૂતિની પરાકાષ્ઠા પર પહોંચીને કોઈ વાર દેહાતીત દશાને અનુભવે છે. એથી વિશેષ વિધિ બીજી કોઈ નથી.

પાપ ધોવાનું માન સરોવર, આધિ, વ્યાધિ અને ઉપાધિનું ઔષધ, દુઃખીનો દિલાસો, નિર્ધનનું ધન, પ્રભુપ્રાપ્તિ માટેની જડી-બુટ્ટી, શોકસાગરમાં તરવાની નૌકા, સંસાર પાર કરવાનું પુષ્પક વિમાન, રોગમુક્તિની અમૂલ્ય દવા, આત્મા–પરમાત્માને જોડનારી સાંકળ, દુષ્ટ વ્યક્તિનુ હૃદયપરિવર્તન કરવાનો ચમત્કારી મંત્ર અને પ્રત્યેક નર–નારીનું ધન એટલે પ્રાર્થના છે.

ભારતની યુવાની પાસે બેઠેલી અમાપ યુવાશક્તિને નિર્માણના માર્ગે વાળવા માટેના સાચા અને સઘન પ્રયત્નો દ્વારા સાચા હૃદયપૂર્વકની પ્રાર્થના કરવાનો આપણે સંકલ્પ કરીએ. ભારતની યુવાશક્તિ જો નિર્માણ લક્ષી બની જશે તો ભારતને ભીંસી રહેલા ભ્રષ્ટાચાર આદિ અસુરોનો અવશ્ય નાશ થશે.

## ભગવાન રમણ મહર્ષિનું

# અધ્યાત્મચિંતન

સંકલન : ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

### વિશ્વ-શક્તિ ને આત્મસુધારણા

વિશ્વનું સંચાલન કરનારી એક સર્વોપરી શક્તિ છે. વિશ્વની સંભાળ રાખવાની ફરજ તેની છે, જેણે વિશ્વને જીવન આપ્યું છે તે તેની સુરક્ષાનો પણ ખ્યાલ રાખશે. આ વિશ્વનો ભાર તે ઉપાડે છે, જેવા તમે છો તેવી જ દુનિયા છે. તમને સમજ્યા વિના દુનિયાને સમજવાનો પ્રયત્ન કરવાથી શું વળવાનું છે? સત્યના શોધકોએ એ વાતની ઉપાધિમાં ના પડવું જોઇએ. એવી વાતોની પાછળ લોકો પોતાની શક્તિને વેડફી નાંખે છે. પહેલાં તમારી અંદરના સત્યતત્ત્વને શોધી લો, તે પછી તમે જેના અંગ છો એ દુનિયાની પાછળના પરમ સત્યને પણ વધારે સારી રીતે સમજી લેશો. તમે તમારું ધ્યાન રાખો ને દુનિયાને એનું ધ્યાન રાખવા દો. આત્મસુધારણા સમાજસુધારણામાં આપોઆપ પરિણમે છે, તમે આત્મસુધારણામાં આગળ વધો એટલે સમાજસુધારણા એની મેળે થતી રહેશે. બધો ભાર સંસારના સ્વામી ઉપાડી રહ્યા છે. તમે નથી ઉપાડતા, તમારો ભાર તેમને સોંપી શકો છો. તમારે જે કાંઇ કરવાનું હશે તે કરવા માટે તમને સુયોગ્ય સમયે હથિયાર–નિમિત્ત બનાવવામાં આવશે. તમારી ઇચ્છા નહિ હોય ત્યાં સુધી તમારાથી તે નહિ થાય એવું ના માનતા. તમને જે જરૂરી શક્તિ સાંપડે છે તે તમારી ઇચ્છાને લીધે નથી સાંપડતી. એ શક્તિ ઈશ્વરની છે.



### મૌન-સર્વોત્તમ સદુપદેશ

મૌન જેવો સર્વોત્તમ સદુપદેશ બીજો કોઇ નથી, પરંતુ આગળ વધેલા સાધકોને જ એ અનુકૂળ આવે છે, બીજા તેમાંથી પૂરી પ્રેરણા નથી પ્રાપ્ત કરી શકતા, તેથી સત્યને સમજાવવા માટે શબ્દોનો ઉપયોગ કરવો પડે છે. વ્યાખ્યાનો અમુક વખત સુધી લોકોને આનંદ આપે અને એ છતાં પણ અસર ના પહોંચાડે એવું બની શકે, પરંતુ મૌનની અસર શાશ્વત હોય છે અને એ સૌને લાભ પહોંચાડે છે. એ ના સમજાય તોપણ હરકત નહિ. સત્ય શબ્દોથી પર હોય છે. વ્યાખ્યાનો મૌન જેટલાં સહજ અને અસર-કારક નથી હોતાં, દક્ષિણામૂર્તિ જેવા આદિ ને આદર્શ ગુરુએ મૌન દ્વારા ઉપદેશ આપેલો.

### ગાયત્રીમંત્ર-જપ

ગાયત્રીમંત્રના જપથી લાભ જરૂર થાય છે, જપ કરવાથી પણ લાભ તો થાય જ છે, પરંતુ સૂર્યના બિંબને ધ્યાનનો વિષય બનાવીને સાધના કરવાથી વિશેષ લાભ થાય છે. એવા ધ્યાન વખતે **'नमस्सपित्रे जगदेक चक्षुषे'** મંત્રનો આધાર પણ લઇ શકાય છે. એવી રીતે ધ્યાન કરવાથી ક્રમે ક્રમે આગળ વધતાં સાધકનું મન ધ્યેય પદાર્થમાં મળી જાય છે ને સાધકનું પરમ કલ્યાણ થાય છે. મન ધ્યેય પદાર્થમાં મળી જતાં એ અનુભવી શકે છે કે જે ધ્યેય પદાર્થને સમીતિ સમજવામાં આવે છે તે તો અસીમ અથવા અનંત અને અરૂપ છે. શરૂઆતની સગુણ કે સાકાર ઉપાસના એવી નિર્ગુણ રીતે નિરાકારની અનુભૂતિથી અલંકૃત બનીને સંપૂર્ણ થાય છે ને સાર્થક કરે છે, ઉપનિષદ મુજબ આત્મા હૃદયમાં છે ને ગીતા મુજબ ઈશ્વર સૌના હૃદયમાં વાસ કરે છે. હૃદય દેશકાલાતીત એકમાત્ર પવિત્ર ચેતના છે. શરીરની સભાનતા સ્વયંપ્રકાશિત અનંત આત્મચેતનાનું પ્રતિધ્વનિત કિરણમાત્ર છે.

જપની મદદ વિના ધ્યેય વસ્તુપર એકાગ્ર નહિ થઈ શકાય. હૃદય આત્માનું અધિષ્ઠાન છે.

### અંતર્મુખ આત્મજ્ઞાની

તમારા મનને જગતમાંથી પાછું વાળીને અંતર્મુખ કરો ને હમેશાં આત્માભિમુખ અને આત્મનિષ્ઠ બનો તો સ્વપ્નદશાની દુનિયાની પેઠે જ જાગૃતિદશાની દુનિયા પણ તમારે માટે મિથ્યા થઈ પડશે.

સિદ્ધાંતની દૃષ્ટિએ જેને સ્વીકારતા હો એને આચરણમાં ઉતારો અને બીજું બધું બાજુએ મૂકી દો. જે આત્મજ્ઞાની હોય તે જ સારો કર્મયોગી બની શકે છે.

ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે જેને આત્મા પસંદ કરે છે તે જ એનો સાક્ષાત્કાર કરી શકે છે. આત્માએ પસંદગી અને તે ય અમુક ચોક્કસ વ્યક્તિની કરવી જ શા માટે જોઈએ?—એ માટે જોઈએ તો જણાય છે કે સૂર્યનો ઉદય થાય છે ત્યારે થોડાંક કમલદલો જ ખીલે છે, બધાં નથી ખીલતાં. એને માટે સૂર્યને દોષ દો છો ખરા કે? કમળદલો એમની પોતાની મેળે નથી ખીલી શકતાં, પણ સૂર્યપ્રકાશની અપેક્ષા રાખે છે. ક્રાઈસ્ટના કથન મુજબ તારી શ્રદ્ધાને અનુસરીને તને પ્રાપ્તિ થાવ.

બધું દુઃખ એકમાત્ર અહંભાવને લીધે જ છે. એથી જ મુશ્કેલીઓ પેદા થાય છે, જો અહંભાવની અવજ્ઞા કરીને એને શાંત કરવાનો પ્રયાસ કરશો તો તમે એનાથી મુક્તિ મેળવશો.

### ધ્યાન–માનસિક જપ

ધ્યાન એ માનસિક જપ છે. એનો આરંભ શબ્દોથી થાય છે અને અંત આત્મામાં આવે છે. ધ્યાન અને મનનો નિગ્રહ બંને



પરસ્પર આધાર રાખે છે. ધ્યાનમાં મનના નિગ્રહનો અથવા ભળતા વિરોધી વિચારોની સામેની સૂક્ષ્મ જાગૃતિનો સમાવેશ થાય છે. શરૂઆતની દશામાં ખરેખરા ધ્યાન કરતાં મનના કાબૂને માટેના પ્રયત્નો વધારે કરવામાં આવે છે. પરંતુ વખતના વીતવાની સાથે ધ્યાનનો વિજય થાય છે અને ધ્યાન કોઈ પણ પ્રકારના પ્રયત્ન સિવાય સહજ રીતે જ થવા માંડે છે, રામનામ જપના રહસ્ય સંબંધમાં તો એટલું જ કહેવાનું કે 'રા'નો અર્થ આત્મા અને 'મ'નો અર્થ અહંકાર થાય છે. રામનામના ઉપરાઉપરી જપ કરવાથી છેવટે 'મ' એટલે કે અહંકાર શાંત થાય છે ને 'રા' એટલે કે આત્મા એકલો જ શેષ રહે છે. એ અવસ્થા દરમ્યાન ધ્યાનનો સભાન પ્રયત્ન નથી થતો તોપણ ધ્યાનની પ્રક્રિયા ચાલુ જ હોય છે, કારણ કે ધ્યાન આપણે સૌને માટે નૈસર્ગિક છે.

મૌન વાણી તથા વિચારથી પર હોય છે. એ માનસિક પ્રવૃત્તિ વિનાનું ધ્યાન હોય છે. મન પર અધિકાર કરવો એ ધ્યાન છે. ઊંડું ધ્યાન એ શાશ્વત વાણી બરાબર છે. મૌન નિત્ય ભાષણ છે. વાણી તો પ્રાકૃતિક પ્રવાહ છે, બોલવાથી એમાં ભંગ પડે છે. શબ્દો એ શાંત સંભાષણની ભાષામાં અવરોધ નાંખે છે. મૌન સર્વોત્તમ ભાષારૂપ છે. સમાધિ જાગ્રત સુષુપ્તિ છે. એટલે કે માણસ સભાન હોવા છતાં કર્મ સાથે સંબંધ નથી ધરાવતો. બળદોને ધૂંસરી જોડેલી હોવા છતાં તે નથી ચાલતા તેમ.

### વેદાંત–સારસંદેશ

સમસ્ત વેદાંતના સારસંદેશને ચાર શબ્દોમાં સમાવીને રજૂ કરી શકાય તેમ છે : 'देहं नाहम्। कोऽहम्। सोऽहम्। देहं नाहम्।' એટલે શરીર 'હું' નથી, જો પોતાની જાતને પૂછવામાં આવે કે કોઽહમ્ અથવા 'હું કોણ છું અથવા જો તપાસ કરવામાં

આવે કે 'હું' ક્યાંથી પેદા થાય છે અને એનો સ્વાનુભવ કરવામાં આવે તો હૃદયમાં 'હું'રૂપે રહેલા પરમાત્માનો પરિચય થાય છે. એવા પુરુષને સમજાય છે કે સોઽહમ્ અર્થાત્ હું તેજ છું.

મન અને આત્મામાં કશો ભેદ નથી, અંતર્મુખ મન આત્મા છે અને બહુર્મુખમન અહંકાર બને છે. ને જગતમાં પરિણમે છે. સૂતર કે રૂમાંથી બનાવેલાં જુદાં જુદાં વસ્ત્રોને જુદાં જુદાં નામો અપાય છે, પરંતુ બધાં વસ્ત્રો રૂ જ હોય છે. એવી રીતે સત્ય તત્ત્વ એક જ છે અને જે અનેકવિધ દેખાય છે તે તો કેવળ નામ તથા રૂપ છે. મન આત્માથી અલગ અસ્તિત્વ નથી ધરાવતું. એનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. આત્મા મન સિવાય રહી શકે છે ને રહે છે, પણ આત્મા વગર મન નથી રહેતું કે નથી રહી શકતું.

### શિશુ અને સંત

શિશુ અને સંતની વચ્ચે એક પ્રકારની સમાનતા હોય છે. પ્રસંગો ચાલુ હોય ત્યાં સુધી શિશુ એમનામાં રસ લે છે. એમની પૂર્ણાહુતી થતાં એ એમના વિશે વિચારવાનું છોડી દે છે. એના પરથી એ સ્પષ્ટ થાય છે કે એના ઉપર એમની કશી અસર નથી થતી અને એનું મન અલિપ્ત રહે છે, સંતના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે.

આસનનો વાસ્તવિક અર્થ આત્મામાં એકાગ્રતા અને અચળ નિષ્ઠા છે. એ બાહ્ય નથી, પરંતુ આંતરિક છે. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં રહેવું. આદર્શ બ્રહ્મચારી એટલે કે બ્રહ્મની અંદર રહેનાર. બ્રહ્મમાં અથવા આત્મામાં પરમ કલ્યાણની પ્રાપ્તિ કરે છે.

તીર્થસ્થાનોનાં પવિત્ર પાણી, માટી તથા પથ્થરની દેવમૂર્તિઓ અને એવી બીજી વસ્તુઓની સરખામણી સંતપુરુષની કૃપાદૃષ્ટિ સાથે ના કરી શકાય. એ વસ્તુઓ માણસને લાંબા વખતે પવિત્ર



કરવાની શક્તિ ધરાવે છે, પરંતુ સંતપુરુષ તો પોતાની કેવળ કૃપાદૃષ્ટિથી જ બીજાને પવિત્ર બનાવી દે છે એ સાચું છે. સંતના દર્શનમાત્રથી જ દુઃખ, દર્દ અને અમંગલ દૂર થાય છે. સંતોનો સમાગમ મુક્તિ મેળવવામાં મદદ કરે છે. એટલા માટે એમનો સમાગમ સદાયે કરવો જોઈએ. મુક્તિને માટે એ જ એક માત્ર સર્વોત્તમ સાધન થઈ શકે છે.

### આસક્તિ અને કર્મ

સામાન્ય માનવને માટે કૌટુંબિક આસક્તિઓ જેમ અંતરાય-રૂપ છે તેમ વિદ્વાનને માટે બહારની વિદ્વત્તા પણ યોગસાધનામાં નડતરરૂપ છે. સાક્ષરો જેમનો ભોગ બને છે એવાં અસંખ્ય અનિષ્ટોમાંથી નિરક્ષરો સહજ રીતે જ બચી જાય છે. સંસારનો ત્યાગ કરનારાને માટે પણ આત્મપ્રશંસાના મોહમાંથી મુક્તિ મેળવવાનું મુશ્કેલ હોય છે.

કોઈ પણ કર્મનું ફળ મળતું દેખાય ત્યારે આ ફળ મારી મહેનતથી મળ્યું એવું અભિમાન ના કરશો. એને બદલે ઈશ્વરની કૃપામયતામાં વધારે ને વધારે વિશ્વાસ પેદા કરજો. ધારેલી સફળતા ના મળે ત્યારે એવું ના સમજતા કે તમારું કર્મ નિષ્ફળ ગયું છે. સાચું કર્મફળ તો માણસના પ્રયત્નથી નહિ પણ ઈશ્વરની કૃપાથી જ છે એવી સમજણની પ્રાપ્તિમાં જ રહેલું છે એ સદાય યાદ રાખજો, પહેલાં પુરુષાર્થ પરાયણ વૃત્તિથી પ્રેરાઈને જે કર્મો કરવામાં આવ્યાં હોય છે તે જ પાછળથી પ્રારબ્ધ અથવા ભાગ્ય બને છે, એટલે સુયોજિત પુરુષાર્થથી ભાગ્ય અથવા પ્રારબ્ધને પલટી શકાય છે. શાંત અથવા પવિત્ર મન સાથે કરવામાં આવતું કર્મ જ સત્કર્મ કહેવાય છે, ઉત્તેજિત, અશાંત અને વાસનાયુક્ત મનથી કરાતાં બધાં કર્મો કુકર્મો છે.

**ગુણદર્શન**

બીજાની ભૂલોને જોઇને બેસી રહેવાને બદલે સાધક એમના ગુણોનું જ દર્શન કરીને પોતાના મનને શાંત રાખતાં શીખે તો એનું સમસ્ત જીવન આનંદમય બની જાય. જેમની બધી પ્રવૃત્તિ માનસિક શાંતિને અકબંધ રાખીને થયા કરે છે. જે માયાવી જગતની આસક્તિથી પર છે અને સદાય સ્વસ્થ ચિત્ત છે, તેમને તપ કરીને શું મેળવવાનું શેષ રહે છે? મનને શાંત રાખવામાં તથા દુન્યવી ઉપાધિઓને ઈશ્વરના ચરણે અર્પણ કરવામાં સાધકનું સૌથી શક્તિશાળી તપ રહેલું છે. પરમાત્માનાં ચરણોમાં સર્વ-સમર્પણ કરવાથી મનુષ્ય સાચી સુખાકારી ને શાંતિ મેળવી શકે છે.

**આત્મખોજ—સાચું સમર્પણ**

અવિનાશી આત્માની ખોજ પુસ્તકોમાં કે બીજે ક્યાંય બહાર નથી કરવાની, પરંતુ હૃદયમાં કરવાની છે. કર્તાપણાનો અહંકાર અહંભાવનો લોપ થતાં જ લુપ્ત થઇ જાય છે. મુક્ત પુરુષમાં કર્તાપણાનો અહંકાર નથી હોતો. જો એમ કહેતા હો કે 'જો મુક્ત પુરુષ કર્તાભાવથી પર હોય તો કર્મ કેવી રીતે કરે છે? એ કર્મ કરતો દેખાય છે' તો એનો ખુલાસો એવો કરી શકાય કે એનાં બધાં કર્મો એના હૃદયમાં રહેલા ઈશ્વરદ્વારા થતાં હોય છે. જુદા જુદા સંપ્રદાયોના મતભેદોના મૂળમાં રહેનારા અહંભાવનો અંત આવવાથી જે પરમ શાંતિ અથવા મૌન અવસ્થાનો આવિર્ભાવ થાય છે તે સૌથી શ્રેષ્ઠ સંપ્રદાય કે ધર્મ છે. બીજા જે દેવતાની ઉપાસના કરવામાં આવે છે તે દર્શન આપે છે અને અદૃશ્ય થાય છે, આત્મા અનંતકાળને માટે અસ્તિત્વ ધરાવે છે. એટલા માટે વાસ્તવિક દેવતા એ જ છે.

સિદ્ધિઓને જોઇને સંતની મહાનતાને પુરવાર કરવાનો



પ્રયત્ન કરવો એ રજકણો પર દેખાતા જુદાં જુદાં રંગને જોઇને સૂર્યની મહાનતાને માપવાનો પ્રયત્ન કરવા જેવું છે. સિદ્ધિઓની પાછળ પડનારા નથી મુક્તિ મેળવી શકતા કે નથી શાંતિનો અનુભવ કરી શકતા.

અહંભાવને એના ઉદ્ભવસ્થાન હૃદયમાં ઓગાળી નાંખવો કે વિલીન કરી દેવો એ જ સાચું સમર્પણ છે. ઈશ્વર બહારના શારીરિક અભિનયથી નથી છેતરાય તેમ. એ ઉપાસકની અંદર એ જ જુએ છે કે એણે કેટલા અહંકાર પર કાબૂ કર્યો છે અને કેટલો અહંકાર વધ્યો છે અથવા ઓછો થયો છે. પ્રયત્ન કર્યા સિવાય કોઈને પણ સફળતા નથી મળતી અને થોડાક સફળતા પ્રાપ્ત સાધકો એકધારા ખંતને લીધે જ એ સફળતા મેળવી શક્યા છે.

(શ્રી યોગેશ્વરજી લેખિત "ભગવાન રમણ મહર્ષિ"ના આધારે.)

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

### બેરીસ્ટર શ્રી મોહનલાલ વ્યાસની

# જીવનકથા–(૩)

જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી

[એપ્રિલ, '૯૫ ના અંકના અનુસંધાનમાં]

મનમાં સતત ઘોળાતા પરદેશ જવાના વિચારે એક મૂર્ત સ્વરૂપ જાણ્યે અજાણ્યે પકડવા માંડયું. ઈશ્વરે અત્યાર સુધીના પાર પાડેલાં અવનવાં સાહસોને લીધે અણદીઠેલી ભોમ અને શુદ્ધ ભાષામાં કહીએ તો આંધળાં સાહસોએ જાણે મોહનભાઈના જીવનનો એક સહજ ક્રમ બની ગયો હતો. પણ એ બધામાં પણ આપણને એક વસ્તુનું સતત દર્શન થાય છે કે એ સર્વ સાહસો એક રીતે જોતાં નિર્દોષ હતાં. તેમાં માત્ર પોતાની પ્રગતિ સાધવાની વાત હતી. ચીલા–ચાલુ રોજ–બરોજની જિંદગીથી બહાર આવવાની વાત હતી. ત્યાં નહોતી કોઈને પછડાટ આપવાની વાત, કે નહોતી કોઈને અતિક્રમી જવાની વાત, એટલે પરમેશ્વર પણ જાણે એમની એ સર્વ ક્રિયાઓને જોયા કરે છે, અને સાત્ત્વિક હેતુ પુરસ્કારનાં સાહસોને સફળ બનાવવામાં મદદ પણ કરતો જણાય છે. અરે! ક્યારેક ક્યારેક તો આપણને એવું લાગે છે કે પેલી Foot Prints કવિતામાં કવિ કહે છે તેમ પ્રભુ તેમને ઉચકી લેતો પણ નજરે પડે છે.

સરસ મઝાનું સ્કૂલનું વાતાવરણ, એક સામાન્ય શિક્ષકના કહેવાથી ઊભો થયેલો વ્યાયામનો ઓરડો, તેમાં વસાવાયેલાં સાધનો. આ બધા ઉપરાંત કલકત્તાના ધનિક સમાજમાં વધતું જતું સ્થાન, તેમ જ એ પરિવારો સાથેના સંબંધો આ બધું એક સામાન્ય જીવનની પરિતૃપ્તિ માટે પૂરતું હતું. પણ મોહનભાઈના જીવનમાં તેનું હવે કોઈ મૂલ્ય ન હતું. તેમને હવે રાત દિવસ બેરીસ્ટર થવાનાં જ સ્વપ્નાં આવતાં. અને દિવસે દિવસે આ સ્વપ્નાઓને વાસ્તવિક જીવનમાં મૂર્ત સ્વરૂપ કેમ અપાય તે જ દિશામાં તેમનું મન સતત વિચારતું રહેતું.



### શાળાને અલવિદા

શાળાની ત્રણ વર્ષની નોકરીમાંથી છૂટા થવાથી શું મળે? તેની પૂછપરછ કરી. રૂા. ૩૫ ના પગારદાર નોકરને કેટલા પૈસા મળે? હજુ એવું ધન તો કમાઈ જ નહોતું લીધું, છતાં શાળાના સંચાલકોએ શ્રી મોહનભાઈ તરફ ખૂબ માન અને હેતભરી વડીલની હૂંફાળી દૃષ્ટિ રાખેલી, એટલે તેમણે ૬૦૦ રૂા. આપવાનું નક્કી કર્યું.

આ રૂા. ૬૦૦ ની અલ્પ મૂડીથી જ મોહનભાઈએ વિલાયત જવાનું હતું, એટલે એમણે સસ્તામાં સસ્તી સ્ટીમરની શોધ કરવા માંડી. તપાસ કરતા ખબર પડી કે જાપાનની "કટોરી બાર" સ્ટીમરની ટિકિટ ૨૫૦ રૂા. જ હતી. મોહનભાઈએ તેમાં જ જવાનું નક્કી કરી લીધું, બીજી બાજુ તેમણે શાળામાંથી રાજીનામું આપ્યું. શાળાના સંચાલકોએ ખૂબ સમજાવ્યા. અરે! વિનંતિઓ પણ કરી, પણ એક ના બે થવાનું તો મોહનભાઈના સ્વભાવમાં જ ક્યાં હતું?

### કલકત્તાથી વિદાય

વતન ગયેલાં માતા અને પત્ની એક નિરાંતમાં હતાં, કારણ કલકત્તાનું એક સુવ્યવસ્થિત જીવન એ જીવીને આવ્યાં હતાં. કારમી મજૂરીના દિવસો જાણે પૂરા થયા હોય તેમ હાશ અનુભવી

નિરાંતનું જીવન જીવતાં હતાં. પરંતુ પરમાત્માને તેમની એ હાશ જાણે લાંબા સમય માટે મંજૂર ન હતી.

વગર ટિકિટે, અને મેલાંઘેલાં વસ્ત્રો પહેરીને કલકત્તા આવેલા મોહનભાઇ રૂા. ૬૫૦ ની મૂડીથી ધનિક થઇને ફરી પાછા પ્રભુને ભરોસે કલકત્તાને સલામ કરી વતનમાં માતા અને પત્ની પાસે આવ્યા. આવવાનું પ્રયોજન જ્યારે માતાએ જાણ્યું ત્યારે માતા તો ખૂબ ખુશ થયાં. અને બેરીસ્ટર થવા માટેની વાતને ઉત્તેજન આપ્યું. માએ પોતાની ચિંતા પણ ન કરવાનું દીકરાને કહ્યું પણ ગૃહસ્થજીવનનું બીજુ પાસું પણ હવે મોહનભાઇના જીવનમાં હતું અને તે એક પતિ અને પિતાનું. માતા તો સરળતાથી માની ગયાં, કારણ માતા મહત્ત્વાકાંક્ષી હતાં. તેણે પુત્રને સમાજમાં ઊંચો મોભાદાર જોવાનાં સ્વપ્નાં જોઇ રાખેલાં કે મારો દીકરો મોટો લાટ બેરીસ્ટર બને. પણ આ બાજુ પત્ની આ સર્વ અસુરક્ષિતતા સ્વીકારવા તૈયાર ન હતી. તેને લાગ્યું માંડ ઠેકાણે પડેલા જીવનમાં વળી આ નવો ઝંઝાવાત શું? કારણ હવે તે એકલી નહોતી. તેની માતા તરીકેની ભાવના પણ સુરક્ષિતતાનું છત્ર શોધતી હતી. એટલે તેમનો વિરોધ સહજ સમજી શકાય તેવો હતો. પત્ની પિયરથી પાછાં આવી ગયાં. પતિને ઠપકો આપતાં કહ્યું, "મારી હવે શું આ જ જીંદગી? તમે મને ફસાવી! મારે દિવસો કેમ કાઢવા? મારે કેટલું સહન કરવું? હવે આ દસ મહિનાની પુત્રી આ બધાનું શું કરવું?" બીજી બાજુ તેમનાં માતાએ આકરી શરત મૂકેલી કે પત્નીની સંમતિ મળે તો જ પરદેશ જવું. અને અંતે એક હિંદુ સન્નારીની બાવનાથી પતિના ઉજ્જ્વળ ભવિષ્યમાં આડે ના આવવાની ભાવનાએ એને પીગળાવી. આથી તેમણે પણ કચવાતા મને સંમતિ આપી. તે મળતાં મોહનભાઇ રાજી થઇ ગયા! તેમણે મનોમન ભગવાનનો આભાર માન્યો. લાગ્યું કે બેરીસ્ટર થવામાં



ભગવાનની પણ અદૃશ્ય સહાય રહેલી છે, નહીં તો મા કરતાં પણ વધારે હઠાગ્રહી પત્ની પીગળીને આમ સંમતિ શી રીતે આપે?

### ભોજનની સમસ્યા

"કટોરી બાર" જાપાનની સ્ટીમર કોલંબો બંદરેથી ઉપડતી હતી. વતન ધાંગધ્રાને સલામ કરી ૧૯૩૪ ની સાલમાં મોહનભાઇ આત્મવિશ્વાસનુ ભાથું લઇ બેરીસ્ટર થવાની લગની સાથે કોલંબો પહોંચી ગયા. પ્રભુને મોહનભાઇને ચકાસવાનું જાણે અહીંથી જ મન થયું, ક્યારેક અગ્નિપક્વ અનાજ ન ખાનારા તો યોગના અભ્યાસને લીધે મોટે ભાગે સાત્ત્વિક જ ભોજન જમનારા મોહનભાઇની સામે સ્ટીમરમાં જ ભોજનની સમસ્યા શરૂ થઇ. સ્ટીમરમાં ઈંડાં અને માંસાહાર જ મુખ્યત્વે મળે, બીજી વાનગી-ઓમાં પાઉં અને દૂધ મળે. મોહનભાઇ ખાલી દૂધ અને પાઉં જ ખાય. આ સ્ટીમર કેપ ઓફ ગુડ હોપના રસ્તે જાય અને તેને લંડન પહોંચતાં ૩૨ દિવસ લાગે. આ બધા ૩૨ દિવસ તેમણે ફક્ત દૂધ અને પાઉંના જ ભોજનથી ચલાવ્યું. સ્વાદ માણસની મોટામાં મોટી નબળાઇ છે. સ્વાદ અને વાદ બે બાદ તો જીવન આબાદ. મોહનભાઇના વાદે મોહનભાઇના સ્વાદ પર જીત મેળવી લીધી.

એ જમાનામાં પરદેશ જવાનું આટલું ચલણ નહીં. કોઇ સગાંવહાલાં પણ નહીં ગયેલાં કે માર્ગદર્શન મળી શકે. એટલે કોઇ પણ જાતની ચોકસાઇ વગર ક્યાં જવાનું? ક્યાં ઉતરવાનું? શું કરવાનું? એ કંઇ જ ખબર નહીં. માત્ર એક જ વસ્તુની ધૂન ને ખબર બેરીસ્ટર થવાની. રસ્તે એક ભાઇએ પૂછ્યું, "લંડનમાં ક્યાં ઉતરશો?" ત્યારે જ મોહનભાઇને એ દિશાની કલ્પના પણ આવી કે સ્ટીમરમાં તો બેઠા, પણ કયા બંદરે ઉતરવાનું? ક્યાં જવાનું?

તેમણે તે ભાઈને કહ્યું "ભગવાન બધું કરશે" કેવો વિશ્વાસ! પેલા ભાઈએ કહ્યું "હું જ્યાં ઉતરું ત્યાં ઉતરી જજો."

### નવું પ્રલોભન

સ્ટીમરમાં આ અનિશ્ચિતતા વચ્ચે મન ડામાડોળ હતું. ત્યાં પ્રભુએ પાછી એક વધુ પરીક્ષા કરી, એક લાલચ પ્રભુએ મોકલી. મોહનભાઈ આસનોના અભ્યાસી એટલે એમણે સ્ટીમરના કેપ્ટન પાસેથી રજા લઈ લીધેલી અને નિયમિત રીતે રોજ સ્ટીમરના ડેક પર આસન કરે. તેમને તો પોતાની ધૂનમાં એ પણ ખ્યાલ નહીં કે પોતાને આ રીતે કસરત અને આસન કરતા કોઈ જુએ છે. આ જ સ્ટીમરમાં એક સંન્યાસી શ્રી પરમાનંદજી, તેમજ વેદાંત ફીલોસોફીનાં પ્રમુખ શ્રી ભારતીદેવી સાથે શિકાગો જાય. તેઓ પણ ડેક ઉપર ફરવા આવતાં તેઓ મોહનભાઈનાં આસનો જોઈ પ્રભાવિત થયા. અને તેમણે મનમાં મોહનભાઈ વિષે કંઈક વિચારી લીધું.

ભારતીદેવી ખૂબ સ્વરૂપવાન, જાણે જગદંબાનો અવતાર જ જોઈ લો. રીતભાત અને વાતચીત કરવાની કળામાં પણ ખૂબ નિપુણ. એમણે પણ મોહનભાઈને પોતાની પ્રવૃત્તિમાં જોડવાનું મનમાં નક્કી કર્યું. તેમણે મોહનભાઈને પોતાનું કાર્ડ આપ્યું. તે ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરે. મોહનભાઈ થર્ડ ક્લાસમાં. મોહનભાઈ વિમાસણમાં કે મળવા જવું કે ન જવું? અંતે તે તેમને મળવા ગયા.

ભારતીદેવી ખૂબ પ્રભાવશાળી હતાં અને તેમને એવો વિશ્વાસ હતો કે તે મોહનભાઈને સમજાવી શકશે, પણ મોહનભાઈને સમજાવવા ખૂબ અઘરું કામ હતું. તેમણે પ્રશ્ન પૂછવા માંડયા.

ભારતીદેવીઃ–તમે ક્યાં જાવ છો?

મોહનભાઈઃ–લંડન.



ભારતીદેવીઃ–શા માટે?

મોહનભાઈઃ–બેરીસ્ટર થવા માટે.

"પછી શું કરશો?"

"ધંધો કે વકીલાત."

મોહનભાઈને પરમાનંદજી અને ભારતીદેવી સમજાવવા લાગ્યાં. "ધંધો કે વકીલાત કે બેરીસ્ટરી પણ આખરે તો પૈસા જ કમાવા માટે છે. તો તમારી એ પૈસા કમાવાની ઇચ્છા અમે પૂર્ણ કરીએ. તમારી માતા અને પત્નીને પણ પૂરતા પૈસા મોકલીએ વળી એથી આગળ વધીને માતા અને પત્નીને પણ અહીં બોલાવી લઈએ, તો તમે લંડન જવાની વાત છોડી દો અને અમારી સાથે અમેરિકા ચાલો. તમારો પાસપોર્ટ બદલાવવાની વિધિ અને ટિકિટની વ્યવસ્થા પણ અમે કરી આપીશું. ત્યાં સ્વામી વિવેકાનંદનો આશ્રમ છે અમે તમને ફસાવવા નથી માંગતાં." આવાં અનેક પ્રલોભનો મોહનભાઈ સામે ઊભાં થઈ ગયાં. પરંતુ આ બધાં જ પ્રલોભનો મોહનભાઈને ના લોભાવી શક્યાં. તેની પાછળ બેરીસ્ટર થવાની લગની અને પોતાની માતાને આપેલું વચન જ મુખ્ય હતાં. માતાને આપેલું વચન ફોક ન જ થાય અંતે મોહનભાઈએ સ્વામીજીને કહ્યું કે "How can I betray my Mother?"

સ્વામીજીએ પાછું કહ્યું, "હું તમારી માતા અને પત્નીને બોલાવી આપું છું." પણ મોહનભાઈ એકના બે ન થયા. અંતે સ્વામીજીએ કહ્યું "I have never seen" "a boy like you." ("તારા જેવા દૃઢ મનોબળવાળો મેં કોઈ છોકરો આજ દિન સુધી જોયો નથી.") એથી ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા.

(ક્રમશઃ)

# અમારી ગળતેશ્વર યાત્રા-(૨)

નારાયણ હ. જાની

દેવીભુવનનાં અમારા એક પડોશી શ્રી પ્રવીણભાઇ દેસાઇનો ઉલ્લેખ અમે ગયા અંકમાં કરેલો. આ પ્રવીણભાઇ એક જાણવા જેવી વ્યક્તિ. તેમનું વય હશે ચાલીસ આસપાસ. ખૂબ સાત્ત્વિક, સાદા અને પ્રેમાળ. કોઇ આડંબર કે છળકપટ તેમના સ્વભાવમાં દેખાય નહીં.

અમે તેમને પૂછ્યું કે "આધ્યાત્મિક માર્ગે ક્યારથી વળ્યા? એવું કયું કારણ બન્યું કે તમને પ્રભુમાર્ગે નાની ભયથી જવાની ઇચ્છા થઇ?" તેઓએ સહજભાવે જણાવ્યું "કંઇ પૂર્વના સંસ્કારોના લીધે અમને નાનપણથી જ આવી ઇચ્છા થઇ, એટલે નારેશ્વરના સંત શ્રી રંગઅવધૂત મહારાજનાં સાન્નિધ્યમાં ગયા અને ત્યાં રહી સેવા કરવા લાગ્યા. મારી સરળતા જોઇ પૂ. મહારાજે પણ અમને તેઓની સેવાનું સૌભાગ્ય આપ્યું. આમ ઘણાં વર્ષો સેવા કરી. પછી જ્યારે તેઓ નારેશ્વરનું સ્થાન છોડી હરદ્વાર પ્રસ્થાન કરવાના હતા, ત્યારે અમને પાસે બોલાવી સૂચના આપી, "પ્રવીણ, અમે જઇએ છીએ અને હવે તું પણ જતો રહેજે, તારે માટે બીજું કોઇ યોગ્ય પવિત્ર સ્થાન શોધી લેજે, કારણ કે અમારા ગયા પછી તારે માટે અહીં રહેવું સારું નહીં રહે."

એ સંત પુરુષે નારેશ્વરમાંથી પ્રસ્થાન કરતાં જે શબ્દો કહેલા તે યાદ કરીને પણ શ્રી પ્રવીણભાઇની આંખો અશ્રુબિંદુઓથી ભરાઇ આવી. મહારાજશ્રીએ ત્યાંના સંચાલક ભાઇઓને બહાર બોલાવી કહેલું, "જુઓ, હું જાઉં છું, મેં મારી પાસે પહેરેલા



કૌપિન સિવાય બીજું કશું જ લીધું નથી. તમારું કશું જ લઇ જતો નથી."

આ શબ્દો સાંભળતાં અમને પણ ઘણું દુઃખ થયેલું કારણ કે એક સંતપુરુષના હ્રદયની આંતરિક વ્યથા તેમાં વ્યક્ત થયેલી અનુભવી. આ સંબંધે કોઇ ટીકા કરવાનો અમારો આશય નથી, પરંતુ એ અંગે વિચાર કરતાં લાગ્યું કે સંતપુરુષોની શક્તિથી જ તીર્થો સ્થપાય છે, રચાય છે, અને સંતપુરુષની યોગ્યતા નિહાળી લોકો વિના સંકોચે સામેથી ધન આપી સેવા કરવા તત્પર થાય છે. આ ધનનો વહિવટ કરનાર માણસો એ વાત ભૂલી જતા લાગે છે કે આ ધન તેઓને નથી આપ્યું, પરંતુ પેલા સંતપુરુષની તપશ્ચર્યા, નિઃસ્વાર્થતા, દયા, કરુણા અને સત્કર્મોમાં વાપરવાની વૃત્તિના લીધે અપાએલું છે. તેઓને મન તો આ ધન ધૂળ બરાબર છે, પરંતુ સંતના સહવાસમાં રહેતા ભૌતિકવાદી માણસો આ ધન અને તેની વ્યવસ્થાને જ સર્વ કાંઇ સમજી તેની વ્યવસ્થામાં અટવાઇ જાય છે. અને મૂળ સંતપુરુષને ઘણી વાર ભૂલી જ જાય છે, અથવા તો તેમની અવગણના કરી બેસે છે. આ ઘટનામાં પણ આવું જ કંઇક બન્યું હોવાનો સંભવ છે. નહિતર જે મહાપુરુષે નર્મદાકાંઠે અનેક વર્ષો તપશ્ચર્યા કરી, નર્મદામૈયાને પણ મહિમા ધર્યો, તે મહાપુરુષ જીવનના અંતિમ દિવસોમાં પણ શરીર ત્યાગવા માટે હરિદ્વારમાં ગંગાકિનારે શા માટે જાય? કોઇ કહે છે, કે એ મહાપુરુષની ગંગામૈયાને પણ પોતાના વસવાટથી યશ ધરવાની ઇચ્છા કેમ ના થઇ હોય? અને તેથી જ તેઓ પોતાની ભૌતિક વિદાયના પંદર દિવસ પહેલાં જ હરિદ્વાર ગયા અને પોતાના દેહનો પરિત્યાગ આર્યનિવાસના પહેલે માળના ઓરડામાં કર્યો. જે હોય તે. આજે પણ એ ઓરડો બાપજીનાં ભાવિક ભક્તો માટે યાત્રાનું સ્થાન બની ગયો છે. હરિદ્વારમાં આમ પૂ. બાપજીના ભક્તો માટે નવું તીર્થ બની ગયું.

શ્રી પ્રવીણભાઇની બીજી પણ એક વાત અમને જાણવા મળી. તે પણ આશ્ચર્ય પમાડે તેવી હતી. પૂ. બાપજીની નારેશ્વરની વિદાય પછી બીજા કેટલાંક સ્થાનોમાં ફરીને આખરે શ્રી પ્રવીણ-ભાઇ ગળતેશ્વરમાં જ સ્થિર થયા છે અને અહીં એક રામજી-મંદિરની સેવાપૂજાનું કાર્ય બજાવી રહ્યા છે. શ્રી પ્રવીણભાઇ પોતાના ઓરડાને કદી તાળું મારતા નથી. પછી ભલે તે તાપી-સ્નાન માટે ગયા હોય કે પૂજા અગર ભોજન માટે.

અમે ગયા તેના અગાઉ શ્રી પ્રવીણભાઇને ગળતેશ્વરમાં ઉત્સવના પ્રસંગે એક પાકીટ મળ્યું. પાકીટ ઊઘાડીને જોતાં તેમાં ઘણી મોટી રકમ તેમ જ સોનાની કેટલીક વસ્તુઓ પણ હતી. જેની કિંમત ત્રીસ—ચાલીસ હજાર જેટલી થાય. પ્રવીણભાઇએ આ પાકીટ સાચવ્યું અને કોઇ તપાસ કરવા આવે છે કે કેમ તેની રાહ જોઇ. પરંતુ પાકીટ અંગે તપાસ કરવા કોઇ આવ્યું નહીં. એટલે ત્રણ ચાર ભાઇઓને એકત્ર કરીને એ પાકીટમાંની બધી વસ્તુઓ ખાલી કરી. તેમાં સદ્‌ભાગ્યે જે ભાઇનું તે પાકીટ હતું તેમનું નામ—સરનામું મળ્યું. એટલે પ્રવીણભાઇએ નવસારીની તે વ્યક્તિ-ને પોતાની માલમતો સંભાળીને લઇ જવા પત્ર લખ્યો. પરંતુ એક હમા સુધી રાહ જોવા છતાં કોઇ આવ્યું નહીં તેથી પ્રવીણભાઇને ધીરજ ના રહી. એટલે તેઓ તે પાકીટ લઇને તે ભાઇને આપવા માટે જાતે નવસારી પહોંચી ગયા. તપાસ કરતાં માલુમ પડયું કે શ્રી પ્રવીણભાઇનો પત્ર તે ભાઇને આગલા દિવસે જ મળ્યો એટલે તેઓ આવવાનું વિચારતા જ હતા. શ્રી પ્રવીણભાઇને આ રીતે સામેથી આપવા આવેલા જોઇને એ ભાઇને ઘણો આનંદ થયો. આશ્ચર્ય પણ થયું. પૂછ્યું પણ ખરું કે તમને આ ધન રાખી લેવાની કોઇ ઇચ્છા કેમ ના થઇ? શ્રી પ્રવીણભાઇએ ખૂબ



નમ્રતાથી જણાવ્યું કે "હું વર્ષો સુધી એક સાચા સંતના સાન્નિધ્ય-માં રહ્યો છું એટલે બીજું કશું નહીં તો પણ જે ધન મારું નથી તે મારે મન ધૂળ બરાબર છે. એટલું તો શીખ્યો જ છું." તે ભાઇએ શ્રી પ્રવીણભાઇને ખાસ્સા રૂપિયા આપવા માંડયા, પરંતુ તેમણે તેનો નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો. આ કિસ્સો સાંભળીને અમને આશ્ચર્ય અને આનંદ થયાં. આજના યુગમાં જ્યારે ભાઇઓ—ભાઇઓ પણ ધન મેળવવા એકબીજાની સામે કાવતરાં કરતા માલુમ પડે છે ત્યારે એક સામાન્ય માણસ હજારો રૂપિયાની મતા સામે ચાલીને હસતાં હસતાં આપી આવે તે ખરે જ આશ્ચર્ય અને ગૌરવ અપાવે તેવી ઘટના છે. પાછળથી જાણવા મળ્યું કે પેલા નવસારીવાળા ભાઇએ વલસાડ જીલ્લાના ઉચ્ચ અધિકારી હસ્તક શ્રી પ્રવીણભાઇનું બહુમાન કરવા આયોજન કરેલું, તેમાં હાજર રહેવા શ્રી પ્રવીણભાઇ થોડો હિચકિચાટ અનુભવતા હતા. પરંતુ અમે તેમને કહ્યું કે એમાં સંકોચ શાનો? સારા માણસોનાં સારાં કૃત્યોને બિરદાવવાં જ જોઇએ. તો જ માણસોને ખ્યાલ આવે કે ધનપ્રધાન આ કળીયુગમાં ધનનો સહજ રીતે પરિત્યાગ કરનારા માણસો પણ છે. તે ભાઇને શ્રી પ્રવીણભાઇની પ્રામાણિકતાને બિરદાવવાની જે ઇચ્છા થઇ તે પણ ખરેખર પ્રશસ્ય જ ગણાય.

**શ્રી નાનુભાઇ બાગડા**

દેવીભુવનમાં અમારા બીજા પડોશી શ્રી નાનુભાઇ બાગડા. તેઓ પણ છેલ્લા બે માસથી ગળતેશ્વર સ્થાનકમાં રહે. અન્ન-ક્ષેત્રમાં જમે અને ભગવત્‌સ્મરણમાં તેમ જ આત્મચિંતનમાં પોતાનો સમય નિર્ગમન કરે. પૂછતાં માલુમ પડયું કે, તેઓ મૂળ સાવરકુંડલા પાસેના જેસર ગામના વતની. જાતે પટેલ. મૂળ ખેતીનો વ્યવસાય. ખાસ ભણેલા પણ નહીં, પરંતુ કોઠાસૂઝ અને

વ્યવહારિક દક્ષતા સારી એવી. એટલે ભાગ્ય અજમાવવા સુરત આવ્યા. અને સુરતમાં હીરાના ધંધામાં જેમ–જેમ ફાવતા ગયા તેમ તેમ ધંધો વિકસાવ્યો. આજે તેમની પાસે સુરતમાં ચાલીસ જેટલી હીરાની ઘંટીઓ, અને સો ઉપરાંત કારીગરો કામ કરે. અત્યારે આ બધું કામ એક દીકરો સંભાળે છે, એમ તેમણે જણાવ્યું.

અમે તેમને પૂછ્યું કે "આવો સારો ધંધો મૂકી તમને ગળતેશ્વર આવવાનું કેમ સૂઝ્યું?" તેમણે કહ્યું "હીરાના ધંધા ઉપરાંત હું એક ભાઇ સાથે બાંધકામનો પણ વ્યવસાય કરતો. આ બધું કરતાં કરતાં એક દિવસ વિચાર આવ્યો કે, મરણ આવે ત્યારે આમાંનું મારે શું ખપ લાગવાનું? આમાં મારું (મારા આત્માનું) કેટલું? આ બધી ભૌતિક વસ્તુઓ તો અહીંયાં જ રહી જવાની અને જ્યારે જવાનું થશે ત્યારે આમાંનું કશું જ મારી સંગાથે તો નહીં જ આવે. આમ મારું મન ભગવત્સ્મરણ અને આત્મચિંતન તરફ વળી ગયું. એકાદ વર્ષ મેં ઘરમાં રહીને પણ પ્રભુસ્મરણ અને આત્મચિંતન કરવા પ્રયાસ કરી જોયો. પરંતુ ઘરમાં ઘણા વિક્ષેપો આવતા રહેતા, કારણ કે મારી માનસિક અવસ્થા, મારી પત્ની કે ઘરનાં બીજાઓ બરાબર સમજી ના શકતાં. તેઓને લાગતું કે હવે હું કંઇ કામધંધો કરતો નથી. વિચારું, વાંચું અને ભજન જ કરું છું. એટલે હું તદ્દન નવરો છું. એથી કેટલાંક કામો જે મારી દૃષ્ટિએ બિનજરૂરી, એ મને સોંપવામાં આવતાં. તેથી હું કંટાળતો. કદીક વિરોધ પણ કરતો. પરંતુ તેનાથી સંઘર્ષ થતો. અને અશાંતિ ઊભી થતી. આથી હું કોઇ એકાંત સ્થાનની શોધમાં હતો. તેમાં ગળતેશ્વર મારા મનમાં વસી ગયું એટલે અહીંયા આવ્યો છું, આનંદથી રહું છું, અને મારો સારો સમય તાપીના કિનારે, કે ગળતેશ્વર મહાદેવના પ્રાંગણમાં બેસીને ભગવત્સ્મરણ અને



આત્મચિંતનમાં ગાળું છું. અન્નક્ષેત્રની સગવડ છે, એટલે સારી સુવિધા છે. હાથે રાંધવાની કોઇ ઉપાધિ નથી. વળી અહીં જે મળે તે ભગવાનનો પ્રસાદ માની ખાઇ લઉં છું તેનાથી સ્વાદ પર પણ સંયમ આવે છે. ખાઉં છું તેના બદલામાં અન્નક્ષેત્રને આર્થિક સહાય પણ કરતો રહું છું.

અમને ખરેખર શ્રી નાનુભાઇ અજબ જેવા માણસ લાગ્યા. એક સીધા–સાદા માણસમાં પણ કેવી અદ્‌ભુત આત્મજાગૃતિ આવી જાય તે જોઇને આશ્ચર્ય પણ થયું. સંસારમાં પડેલ હર વ્યક્તિ જો શ્રી નાનુભાઇની જેમ વિચારે કે બધી લૌકિક પ્રવૃત્તિમાં "મારા આત્માનું શું?" તો સૌનું કલ્યાણ જ થઇ જાય. પરંતુ પૂર્વજન્મનાં સત્કર્મો અગર તો સંતપુરુષના આશીર્વાદ સિવાય આવી જાગૃતિ માણસમાં આવવી અશક્ય છે.

એક દિવસ વહેલી સવારે અમે જોયું તો શ્રી નાનુભાઇ સરસ મજાનું લાંબુ ઝાડુ લઇને આખા દેવીભુવનની મોટી ઓસરી વાળી રહ્યા હતા. અમે પૂછ્યું "નાનુભાઇ આ શું કરો છો? આ બધા ઓરડા આગળનું ઝાડું તમારે કાઢવાની શી જરૂર?" તો તેઓ હસતા હસતા કહે કે "આ સંસ્થા આપણી પાસેથી રહેવાનો પાઇ–પૈસો લેતી નથી, તો થોડી સેવા કરીને તેનું ઋણ ચૂકવીએ તો તેમાં વાંધો શું? એમ કરવાથી આ બધાની સફાઇ થાય છે, અને મને પરિશ્રમ કરવાનો લાભ મળે છે. વળી આ કરતાં કરતાં હું ભગવાનના નામ–જપ કરતો જાઉં છું એટલે મારો સમય તો સુધરે જ છે.

### અન્નજળનો અજબ ખેલ

ગળતેશ્વરના બીજા દિવસની સાંજે ભોજનમાં અમને રીંગણનાં શાકની સાથે બાજરાનો રોટલો મળ્યો, તે જોઇ અમને

નવાઇ લાગી, કારણ કે સુરત જીલ્લામાં બાજરો ખાવાનું ચલણ જ નહીં. લોકો જુવાર જ ખાય. એટલે અમે અન્નક્ષેત્રના રસોયા ભાઇને પૂછ્યું "ભાઇ, આ બાજરો ક્યાંથી લાવ્યા" તો, તેમણે શ્રી નાનુભાઇ સામે આંગળી ચીંધી. તેઓ અમારી જોડે જ જમવા બેઠેલા. એટલે અમે તેમને પૂછ્યું, "અરે નાનુભાઇ, તમે સૌરાષ્ટ્રના બાજરાનો સ્વાદ ભૂલ્યા લાગતા નથી. અહીં આ ક્યાંથી લાવ્યા?"

તેઓએ જે વાત કરી તે કંઇક આ મતલબની હતી. પંદરેક દિવસ પહેલાં તેઓ સુરત પોતાના ઘરે ગયેલા. ત્યારે ત્યાં તેમના વતન જેસરથી થોડો બાજરો આવેલો જોયો. તેમને થયું કે ચાલો આપણે આમાંથી થોડો ગળતેશ્વર લઇ જઇએ તો એકાદ દિવસ તેના રોટલા ખવાશે. તેઓ આ રીતે ત્રણ–ચાર કિલો બાજરો ગળતેશ્વર લઇ આવ્યા અને રસોયાને પૂછ્યું કે ભાઇ તને બાજરાના રોટલા બનાવતાં ફાવે છે? તેણે સ્પષ્ટ ના કહી. એટલે લાવેલો બાજરો પડયો રહ્યો. તેમાં બન્યું એવું કે ગળતેશ્વર મહાદેવના મુખ્ય પૂજારીના પુત્રને ત્યાં બાળકનો જન્મ થયો, તેથી તેમને વૃદ્ધિસૂતક પડયું. એટલે તેઓ મંદિરની પૂજા ના કરી શકે. આથી તેમણે પોતાના એક વેવાઇને તાત્કાલિક ગળતેશ્વર આવવા અને પૂજાના કામમાં જોડાઇ જવા સંદેશો મોકલ્યો. તેઓ પણ તરત જ આવી ગયા અને પૂજાનું કામ સંભાળી લીધું. વાતવાતમાં અન્નક્ષેત્રના રસોયા ભાઇને યાદ આવ્યું કે લાવને, આ નવા પૂજારી દાદા આવ્યા છે, તેમને બાજરાના રોટલા બનાવતાં આવડે છે કે કેમ તે પૂછતાં તેઓએ હા પાડી. એટલે શ્રી નાનુભાઇનો બાજરો આજે ઠેકાણે પડયો.

આ સાંભળી અમને થયું કે આ અન્નજળની વાત કેવી અજબ જેવી કહેવાય! ક્યાં સાવરકુંડલાનું જેસર અને ત્યાંના ખેતરનો બાજરો! તે સુરત આવે અને શ્રી નાનુભાઇ તેને



ગળતેશ્વર લઇ આવે. પરંતુ તેના રોટલા ઘડનારો પણ વૃદ્ધિ-સૂતકમાં આવી જાય. અને અમે ખાનારા!

અમે ભાવનગરના, કલ્યાણ મોરબીના અને વિજયભાઇ પુરોહિત વડોદરાના. કેવો મેળ પ્રભુ બેસાડી દે, કદી કોઇની કલ્પના પણ પહોંચે ખરી કે જેસરના આ બાજરાનું ભાગ્ય છેક ગળતેશ્વરમાં અમારા જેવાઓના પેટમાં જવાનું છે?

ખરે જ, પ્રભુ તારી લીલા અકળ છે! કોણ તેનો પાર પામી શકે? પરમ પૂ. શ્રી શ્રી માએ અમોને ગળતેશ્વર યાત્રાએ મોકલાવીને કેવી સરસ વ્યક્તિઓનો પરિચય આ જીવનમાં કરાવ્યો!

(ક્રમશઃ)

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# ક્ષણનું મહત્ત્વ

કમલ સુથાર

ભગવાન બુદ્ધ કરુણાવતાર. પરમ જ્ઞાનના અબ્ધિ. બુદ્ધ એટલે પરમ જાગૃત. મોહ–માયાના અંધકારમાંથી, રાગદ્વેષના પાશમાંથી, સુખદુઃખના દ્વન્દ્વમાંથી જે પરમ મુક્ત બન્યા છે તે બુદ્ધ. પરમ જ્ઞાનના પ્રકાશમાં જે સતત રમણ કરે છે તે બુદ્ધ. પૂર્વાવસ્થામાં તે હતા એક રાજકુમાર. ભૌતિક સુખની કોઈ મણા ન હતી. સર્વ પ્રકારના વૈભવ હતા. પણ આ નશ્વર સંસારમાં તેમનું મન ન લાગતું. જેથી તેમણે આદરી શ્રેયની સાધના. શાશ્વત સુખ અને શાશ્વત શાન્તિની ઉપલબ્ધિની સાધના. હરપળે જાગૃત. પરમ જાગૃત. સતત આત્મચિંતન. તપ–તિતિક્ષા અને સાધના. એમાંથી લાધ્યું એમને પરમ જ્ઞાન. પરમ શાન્તિ. પરિનિર્વાણ. પરમ મોક્ષ. અને એક રાજકુમારમાંથી બન્યા તે પરમ બુદ્ધ. ભગવાન બુદ્ધ. એક સમર્થ મહાપુરુષ. તે બન્યા મુમુક્ષુઓ, અનંતના યાત્રીઓના પ્રેરક દીપ.

ભગવાન બુદ્ધના અનેક શિષ્યો હતા. વિહારમાં તે શિષ્યો સાથે રહેતા. એક વાર તે વિહારમાં હતા. શિષ્યો પણ તેમના સાન્નિધ્યમાં હતા. જ્ઞાનપ્રાપ્ત કરતા. જીવનને ધન્ય બનાવવા મથતા. આ બધાય શિષ્યોમાં એક શિષ્ય હતા સુભદ્ર. બુદ્ધના સાન્નિધ્યમાં હતા. ભગવાન બુદ્ધનો આદર કરતા. શ્રદ્ધાભક્તિથી સેવા કરતા. આજ્ઞા પાળતા. પણ તે ખૂબ ઊંઘણશી હતા. ધ્યાન, ભજન, ચિંતન બધુંય ભૂલીને તે ઘણીવાર ઊંઘતા જ રહેતા. ભીક્ષુઓના અધ્યક્ષે તેમને



ઘણીવાર ટોક્યા.–ચેતવ્યા. પણ તેમની ઊંઘ ઊડતી જ ન હતી. વધુ ઊંઘવાથી ચિત્ત તમોગુણી બને. જ્ઞાનપ્રાપ્તિ થાય નહીં. સમય વ્યર્થ જાય. જીવન વ્યર્થ જાય. પણ આની કશી ચિંતા સુભદ્રને ન હતી. બસ ઊંઘવું એટલે ઊંઘવું. આ વાતની જાણ ભગવાન બુદ્ધને થઈ. ભગવાન બુદ્ધ તો પરમ શાન્ત હતા. તે આ વાત જાણી શિષ્ય સુભદ્ર ઉપર ન ગુસ્સે થયા. ન તેમને ટોક્યા. શિષ્યોના તે પરમ હિતચિંતક હતા. પણ વ્યવહાર આત્મીય હતો. ઉપદેશનો રાહ નિરાળો હતો.

એકવાર તેમના બધાય શિષ્યો–સામૂહિક ધ્યાનમાં બેઠા હતા. તેમાં સુભદ્ર પણ હતા. ધ્યાન વખતે તેમની આંખો બંધ હતી. તે ઊંઘતા હતા. તે દરમિયાન ધીરેથી આવીને તેમની સામે આવીને બેસી ગયા હતા. જ્યારે સુભદ્રે આંખો ખોલી ત્યારે પોતાની સામે ભગવાન બુદ્ધને બેઠેલા જોયા. ભગવાન બુદ્ધ તો અંતર્યામી હતા. દરેકના અંતરની વાતો તે સહેલાઈથી જાણી લેતા. પોતે ધ્યાન કરવાને બદલે ઊંઘે છે તે વાતની જાણ ભગવાન બુદ્ધને થઈ છે તેનો ખ્યાલ આવતાં સુભદ્રને ખૂબ દુઃખ થયું. ખૂબ ખેદ થયો. ખૂબ પસ્તાવો થયો. પણ ભગવાન બુદ્ધ તો સુભદ્રે આંખો ખોલી ત્યારે તેને કશુંય કહ્યા કે ટોક્યા સિવાય ચૂપચાપ ત્યાંથી ચાલ્યા ગયા. પણ સુભદ્રનું હૃદય ખળભળી ઊઠયું. પશ્ચાત્તાપના તાપથી તપ્ત બનીને પીગળ્યું.

સાંજના સમયે સુભદ્ર ભગવાન બુદ્ધ પાસે ગયા. પોતાની ભૂલ બદલ માફી માગી. અને હવે પછી વધુ પડતા ન ઊંઘવાનો સંકલ્પ કર્યો. બુદ્ધ તો પરમ કરુણામૂર્તિ–ક્ષમામૂર્તિ હતા. તેમણે સુભદ્રને ઉપદેશ આપતાં કહ્યું :

"બેટા, તને તારી ભૂલ સમજાઇ છે. તેનો પશ્ચાત્તાપ થયો છે. તે માટે મને આનંદ છે. સંતોષ છે. પણ તું મારા સાન્નિધ્યમાં શા માટે આવ્યો છે એનો પૂરેપૂરો ખ્યાલ તને છે કે?"

સુભદ્રે નમ્રતાથી કહ્યું :

"હા ભગવન્ તેનો મને ખ્યાલ છે. સાધના કરી પરિનિર્વાણ–મોક્ષ પામવા હું આપના સાન્નિધ્યમાં આવ્યો છું."

બુદ્ધે શાન્તિથી કહ્યું : "તો પછી બેટા તારે એક પણ ક્ષણ વ્યર્થ જવા દેવી ન જોઇએ. આવું ઉમદા લક્ષ્ય સિદ્ધ કરનારાએ ઊંઘમાં સમય અને જીવન બગાડવું પાલવે ખરું? બેટા, તારે એક ક્ષણપણ વ્યર્થ ન જવા દેવી જોઇએ. સતત જાગૃત રહી આત્મ-સાક્ષાત્કારની સાધના કરવી જોઇએ. બેટા, જે ક્ષણ ગુમાવે છે તે જીવન ગુમાવે છે. અને પછી તે નરકમાં સબડે છે. જીવનને સાર્થક કરવા પરમ લક્ષ્ય સિદ્ધ કરવા, પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવો જોઇએ બેટા...'

સુભદ્ર તો આ મહાપુરુષનાં અમૃત વચનો સાંભળી ગદ્‌ગદ બની ગયો. ઊંઘમાંથી જાગી ગયો. ને પ્રત્યેક ક્ષણનો શ્રેયની સાધનામાં ઉપયોગ કરી જીવનને ધન્ય બનાવ્યું.

**ભગવાનનો વાસ**

રશિયામાં એક મહાન સાહિત્યકાર થઇ ગયા. નામ હતું તેમનું મહાત્મા લિયો ટોલસ્ટોય. આ વિશ્વપ્રસિદ્ધ સાહિત્યકારનું જીવન ખૂબ જ સાદું હતું. વિચારો પણ ઘણા ઊંચા હતા. માણસાઇ તો એમના અણુએ અણુમાંથી મહેંકતી હતી. તેમણે ઘણી વાર્તાઓ અને નવલકથાઓ લખી છે. "યુદ્ધ અને શાન્તિ"–તેમની વિશ્વ-પ્રસિદ્ધ નવલકથા છે. તે ઉત્તમકોટિના સર્જક હતા. તે એક મોટી



જાગીરના માલિક હતા. પત્ની ખૂબ જ સુંદર હતી. સંપન્ન પરિવારમાંથી આવી હતી. પતિપ્રત્યે તેના દિલમાં ખૂબ સદ્‌ભાવ આદરભાવ હતો. શ્રદ્ધાપૂર્વક સેવા કરતી. ટોલસ્ટોયતો સતત પોતાના કાર્યમાં જ મગ્ન રહેતા. સર્જનકાર્ય પૂરું થતાં કોઇને કોઇ શારીરિક શ્રમ કરતા. મોટી ઉંમરે પણ સતત કાર્યરત રહેતા. સમાજ સુધારનું કાર્ય. ગરીબોની સેવાનું કાર્ય. તેમ જ અન્ય શારીરિક શ્રમનું કાર્ય. પુરુષાર્થ કરવામાં તેમને જરાય સંકોચ ન થતો. એ કોઇ નાનમ ન અનુભવતા. પણ તેમનાં પત્ની આનાથી ખૂબ ચિંતિત રહેતાં. રખેને આટલા બધા પુરુષાર્થથી પતિ બીમાર પડી જાય. પણ આ સર્જકનું હૃદય તો એક સાચા સંતનું હૃદય હતું ને! નિષ્કામ કર્મયોગી. ભક્તિથી ઉભરાતું હૃદય. સર્જનકાર્ય અને પુરુષાર્થમાંથી જરાક નવરાશ મળે એટલે ઘરના એકાન્તમાં શાન્ત સ્થળે શાન્તિથી પ્રભુપ્રાર્થનામાં લીન બનતા. અંતરમાં ડોકિયું કરતા. આત્મનિરીક્ષણ અને પ્રભુ સાન્નિધ્ય. બિલકુલ નિરાભિ-માની. પ્રભુ પ્રત્યે સમર્પિત ભાવ. આત્મનિવેદન. ન કોઇ ડોળ. ન દંભ. બિલ્કુલ સહજતા. શ્રદ્ધા, સમર્પણ, પ્રભુ–પ્રાર્થના પછી સંત–હૃદય હળવું ફૂલ બનતું. તે પ્રાર્થના માટે ચર્ચમાં પણ ન જતા.

એક વાર એમને ત્યાં એમને મળવા માટે એક સજ્જન મિત્ર આવ્યા. મહાત્મા ટોલસ્ટોયે તેમને સત્કાર્યા. ઘરના બેઠક રૂમમાં બેસાડયા. વિવેક જાગૃત. માનવીય વિવેક. પરમ વિવેક. દરેક સાથે આત્મિય વ્યવહાર. વ્યવહાર અને પરમાર્થમાં બંનેમાં જાગૃત. પૂરી આંતરસૂઝ. વાતવાતમાં પેલા સજ્જનમિત્રે મહાત્મા ટોલસ્ટોયને પૂછ્યું :

"આપ પ્રાર્થના કરવા ચર્ચમાં કેમ જતા નથી?"

પ્રબુદ્ધ મહાત્મા ટોલસ્ટોયે ખૂબ શાન્તિથી મિત્રને ઉત્તર આપતાં કહ્યું :

"સજ્જન. પ્રાર્થના કેવળ ચર્ચમાં જ થાય એવું તમે માનો છો એ તમારી ભ્રમણા છે. કેટલાક લોકો દેવળમાં પ્રભુ–પ્રાર્થના કરવા જાય છે એ પોતે ધાર્મિક છે એવું કહેવડાવવા માટે તે જાય છે. તે બીજા ઉપર પ્રભાવ પાડવા આમ કરતા હોય છે. એનાથી બાહ્ય આડંબર વધે છે. અને ભગવાન પ્રત્યે હૃદયનો જે સાચો ભક્તિભાવ હોવો જોઇએ તે ઓસરી જાય છે. પ્રાર્થના તો ઘરના એકાન્ત સ્થાને પણ થઇ શકે છે સજ્જન. પ્રભુનો વાસ તો સર્વત્ર છે. ઘરમાં પણ છે. દેવળમાં પણ છે. અને દરેકના હૃદયમંદિરમાં પણ છે. સાચી પ્રાર્થના તો હૃદયમંદિરમાં જ થઇ શકે એ કદી ભૂલશો નહિ સજ્જન."

મહાત્મા ટોલસ્ટોય આમ કહીને શાન્ત થયા. પેલા સજ્જન તો આ સંતસાક્ષરને મનોમન વંદી રહ્યા.

## ચૂંટેલાં પુષ્પો

જુઠાણાને પગ નથી હોતા પણ તે નિંદાની પાંખે ઊડે છે.

* * *

શુદ્ધ હૃદય તીર્થોમાં શ્રેષ્ઠતીર્થ અને પવિત્ર વસ્તુઓમાં અતિ પવિત્ર વસ્તુ છે.

* * *

દયા એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે અને મૂંગા પણ સમજી શકે છે.



# રામકથા

( ગતાંકથી ચાલુ ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'રોજ એકવાર નહિ પણ અનેક વાર, કેમ?' ઊર્મિલા હસવા માંડી : 'સ્નેહ તો દૂર રહેવાથી યે રહી શકે છે અને એના પરિણામે મળતી પ્રેરણા પણ મળી શકે છે. કાળ કોઇને કાયમને માટે સાથે કે પાસે નથી રહેવા દેતો.'

'એ સમજવા છતાં તારા જેટલું મનોબળ નથી મેળવી શક્યો એટલે તને મળવાની ઇચ્છા રહ્યા કરે છે. ધીરે ધીરે તારી કૃપાથી એ મનોબળ પણ પ્રાપ્ત થઇ રહેશે, એટલે તારા સહવાસની ઇચ્છા ઓછી થશે. પરંતુ આજે તો પરિસ્થિતિ જુદી જ છે. જીવનનો વિકાસ તો ધીરે ધીરે કે ક્રમે ક્રમે થાય છે ને? કાંઇ એકદમ જલદી થઇ જાય છે?'

'છતાં પણ તું ઘણો સારો વિકાસ કરી શક્યો છે, નિષ્કામ! એ જોઇને મને સંતોષ થાય છે.'

નિષ્કામે શાંતિપૂર્વક કહ્યું : 'મારો વિકાસ તને સંતોષ આપે છે, તો મને સંતોષ આપવા માટે તારે પણ કાંઇક કરવું પડશે. એટલી આશા તો ભાઇ તરીકેના હકથી તારા જેવી પ્રેમાળ બહેનની પાસે રાખી શકું છું.'

ઊર્મિલાએ કુતૂહલથી પ્રેરાઇને પૂછ્યું : 'મારે શું કરવાનું છે? મારી પાસેથી શી આશા રાખી રહ્યો છે?'

'મારી ઇચ્છા ઘણી સાધારણ છે.'

'એટલે?'

'હું તારી પાસે રક્ષા બંધાવવા માગું છું.'

'રક્ષા?'

'હા. રક્ષા. તું મને તારા હાથે રક્ષા બાંધ એવી કામના કરું છું. એને કામના માન કે પ્રાર્થના ગણ, બધું સરખું જ છે. એ રક્ષા મને નિર્ભય રાખશે, જાગ્રત કરશે, ને પ્રેરણા પાશે. જીવનના અટપટા પ્રવાસમાં હિંમત આપશે, હૂંફ ધરશે, ને પ્રલોભનો તેમ જ ભયસ્થાનોથી સલામત રાખશે. રક્ષાના રૂપમાં મારી સાથે રહેનારો તારો સ્નેહ મને વધારે ને વધારે ઉત્તમ ને નિર્મળ જીવન જીવવાની શક્તિ આપશે. રક્ષા બાંધવાનું કામ આપણા સમાજમાં નવું નથી. વડીલો તથા પૂજ્ય પુરુષો પોતાના કરતાં નાનાને રક્ષા બાંધે છે. તું વડીલ છે, મને એ પરંપરાગત પ્રથામાં થોડુંક પરિવર્તન કરીને આજે તારે મને રક્ષા બાંધવાની છે. તું વડીલ છે, પૂજ્ય છે, અને દેવે દીધેલ ભગિની છે, એટલે એ કામ જરા પણ અજુગતું નહિ કહેવાય.'

નિષ્કામની ભાવના ઊર્મિલાના અંતરને એકદમ સ્પર્શી ગઇ ને ભાવના ભીંજવી ગઇ.

ક્યાં પહેલાંનો નિષ્કામ અને ક્યાં અત્યારનો?

એનામાં આટલું બધું પ્રખર પરિવર્તન થશે એની કલ્પના પણ ક્યાં હતી?

તોપણ એ પરિવર્તન થઇ ચૂક્યું. એ હકીકતને ઉવેખી શકાય તેમ ન હતું.

આ શબ્દો એ જ નિષ્કામ બોલી રહ્યો છે. આ ભાવોનું પ્રદર્શન એ જ કરી રહ્યો છે. એ જ નિષ્કામ. (ક્રમશઃ)

## * અશાંતિનાં સંસારમાં અનેક કારણો *

અશાંતિનાં કારણ સંસારમાં અનેક છે. કોઇ દુન્યવી કારણથી તો કોઇ શારીરિક ને કોઇ વળી માનસિક; કોઇ પ્રારબ્ધના પ્રભાવથી તો કોઇ કુદરતી કોપથી, ને બહુ જ થોડાં આંગળીને વેઢે ગણી શકાય એટલાં માણસો ઈશ્વરના વિરહથી અશાંતિનો અનુભવ કરતાં હોય છે. એટલે અશાંતિના ઉપાય તરીકે ને શાંતિના સાધન તરીકે આપણે જેમ અત્યારે ચાલે છે તેમ, સૌને એક લાકડીએ હાંકી ઈશ્વરમાં મન લગાડવાનું કહીને બેસી રહેવાની જરૂર નથી. પણ દરેક દર્દીની નાડીપરીક્ષા કરી, તેના દર્દ ને તેની અશાંતિનું કારણ શોધી, તેને દૂર કરવાનાં સાધન બતાવવાની પણ જરૂર છે. આત્મજ્ઞાન ને ઈશ્વરના શરણથી દુઃખ સહન કરવાની શક્તિ મળે છે ને દુઃખ દૂર પણ થઇ શકે છે. તેના બીજા લાભ પણ અનેક છે. પણ તેને નામે દુન્યવી ને બીજી માનસિક સમસ્યાઓની અવગણના કરવાની ટેવ બરાબર નથી. આપણે થોડા વધારે વ્યવહારુ થઇએ તો અશાંતિને દૂર કરવાની સાથે સાથે માણસને જીવનના વિકાસની એક મહત્ત્વની જરૂર તરીકે આત્મિક વિકાસ તરફ પણ દોરી શકીએ ને તેને પ્રભુપ્રેમી પણ બનાવી શકીએ. તે રીતે તેને પરિપૂર્ણ શાંતિનો સ્વામી કરી દઇએ.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# ઈશ્વરની કૃપા એ જીવનની અનિવાર્ય આવશ્યકતા

ઈશ્વર વિના તમને ચાલતું હોય ને શાંતિ મળતી હોય તોપણ, જીવનના વિકાસ માટે તમારે ઈશ્વરની સાથે પ્રેમ ને સંબંધ કરવો જ રહ્યો. તમારી આ દશા તંદુરસ્તીની દશા નથી, પણ જડતાની સૂચક છે. અજીર્ણનો રોગી પાચનશક્તિની મહત્તાનો ઈનકાર કરે તેથી તેની વાત કાંઈ સાચી માની લેવાય કે? એવા કેટલાય લોકો છે જે પોતાનાં બાળકોને નિશાળમાં ભણાવવાની જ ના પાડે છે ને કહે છે કે તેમને ભણતર વિના ચાલે છે ને ચાલી શકશે—તેના વિના પણ તે સારી પેઠે કમાઈ શકે છે ને જીવનના જંગમાં ઝઝૂમી શકે છે; તેમની વાતને આપણે કેટલું મહત્ત્વ આપીશું ને કેટલી અંશે આદર્શ ગણીશું? શું તેમની વાત આવકારદાયક ને અનુકરણીય ગણાશે? તે પ્રમાણે જીવનમાં જેમને ઈશ્વર વિના ચાલે છે ને ઈશ્વરની જરૂર નથી તે જડ છે. તેમની આપણે પ્રશંસા નથી કરતા. તેમને આપણે કહીએ છીએ કે ભાઈઓ, ઈશ્વરની ભૂખ તમને નથી લાગતી ને ઈશ્વરની જરૂર તમને નથી દેખાતી તેમાં ગૌરવ લેવા જેવું કાંઈ જ નથી. તેમાં તમારા જીવનની શોભા નથી પણ કમનસીબી છે. ઈશ્વરની શક્તિ ને કૃપા જીવનની એક અનિવાર્ય આવશ્યકતા છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—શ્રીનારાયણ હ. જાની, પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર,
ભાવનગર—૩૬૪૦૦૧. ફોન : ૨૫૮૧૧